**આજનો સુવિચાર**
તમારા સ્વભાવને હંમેશા સૂર્ય જેવો રાખો, ન ઉગતા અભિમાન ન ડૂબવાનો ડર

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૬૬ જૂનાગઢ તા.૨૯-૦૨-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 66, Junagadh : Date : 29 February, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# લોકસભાની બેઠક માટે આજે ભાજપ પ્રથમ યાદી જાહેર કરશે : સસ્પેન્સ

## દિલ્હી ખાતે કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક બાદ સાંજે ઉમેદવાર પસંદગીની ગમે ત્યારે જાહેરાત



નવી દિલ્હી તા. ૨૯ આગામી લોકસભા ચુંટણી માટેના ઉમેદવારોની આખરી પસંદગી માટે આજે ભાજપની કેન્દ્રીય ચુંટણી સમીતીની પ્રથમ બેઠક સાંજે યોજાશે અને તેમાં આઠથી વધુ રાજયોની બેઠકો પર ઉમેદવાર પસંદગીને મહોર મારશે. ભાજપની હવે આગામી ૨૪ કલાકમાં જાહેર થઈ શકતી પ્રથમ યાદીમાં ૧૦૦થી૧૩૦ જેટલા ઉમેદવારોની જાહેરાત થાય તેવી શકયતા છે. સૂત્રોના જણાવ્યા મુજબ અબ કી બાર ૪૦૦ કે પારના ભાજપના ચુંટણી મંત્રને સાકાર કરવા માટે પક્ષે પહેલા ૨૦૧૪-૨૦૧૯માં જે બેઠકો ગુમાવી હતી તે બેઠકો પર પ્રથમ ઉમેદવાર પસંદ કરશે. અગાઉ મધ્યપ્રદેશ તથા અન્ય રાજયોની ધારાસભા ચુંટણીમાં ભાજપનો આ પ્રયોગ સફળ થયો હતો અને બન્ને રાજયમાં ભાજપને જબરી સફળતા મળી હતી તેથી હવે લોકસભા ચૂંટણીમાં પણ પક્ષ તે ફોર્મ્યુલા પર જાય તેવા સંકેત છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને મળનારી આ બેઠકમાં ગુજરાતની તમામ નહી પણ સાત થી આઠ બેઠકો પરના ઉમેદવાર જાહેર થઈ જશે. મુખ્યત્વે ભાજપ દક્ષિણના રાજયો પર પ્રથમ તાકાત લગાડશે અને અહી પહેલા ઉમેદવારો જાહેર કરીને તેમના ચુંટણી લડવા જઈ રહેલા નેતાઓને ચુંટણી જાહેર થયા પુર્વે જ પ્રચાર સહિતની તૈયારીઓ અને કુલ ૫૦થી વધુ દિવસ પ્રચારમાં મળી રહે તે જોવા માંગે છે. ભાજપ મધ્યપ્રદેશમાં ૩૯ ઉમેદવારો વહેલા જાહેર કર્યા જે બેઠકો અગાઉની ધારાસભા ચુંટણીમાં ગુમાવી હતી અને તેમાં ૯૦%નો સ્ટ્રાઈક રેટ રહ્યો હતો. હવે આ યાદીમાં ભાજપ તેના કેટલા મહારથીઓને પસંદ કરે છે તેના પર નજર છે. ખાસ કરીને હાલમાં જ રાજયસભાની ટર્મ પુરી કરી રહેલા અનેક કેન્દ્રીય મંત્રીઓને પણ હવે લોકસભા બેઠક ફાળવે છે કેમ તે જોવાનું રસપ્રદ બની રહેશે જેમાં કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારામન, મનસુખ માંડવીયા, પુરુષોતમ રૂપાલા, પીયુષ ગોયલ, ધરમેન્દ્ર પ્રધાન વગેરેનો સમાવેશ થાય છે. પક્ષની આજની બેઠક બાદ હવે દર બે-ત્રણ દિવસે સતત કેન્દ્રીય ચુંટણી સમીતીની બેઠક મળશે અને તેમાં એક બાદ એક યાદીને આખરી સ્વરૂપ આપવામાં આવશે.




# સામુહિક બળાત્કાર કેસમાં શેખ શાહજહાંની ધરપકડ : ૧૦ દિવસનાં રીમાન્ડ મંજુર



કોલકાતા તા. ૨૯ પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં મહિલાઓનું યૌન ઉત્પીડન કરવાના આરોપી TMC નેતા શેખ શાહજહાંની પોલીસે ધરપકડ કરી છે. આજે સવારે ઉત્તર ૨૪ પરગણાના મીનાખાન વિસ્તારમાંથી તેની ધરપકડ કરવામાં આવી હતી. આજે તેને બસીરહાટ કોર્ટમાં હાજર કરાયો છે. તે ૫૫ દિવસથી ફરાર હતો. આજે તેને બસિરહાટ કોર્ટમાં હાજર કરાયો ત્યારે ચહેરા પર કોઈ ભય નહોતો, શરમ નહોતી. વટથી હાજર થયો ને વિક્ટ્રી સાઈનમાં હાથ હલાવ્યો. શાહજહાં શેખના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

સંદેશખાલીમાં શેખ શાહજહાં અને તેના બે સહયોગી શિબુ હાઝરા અને ઉત્તમ સરદાર પર મહિલાઓ પર સામૂહિક બળાત્કાર કરવાનો આરોપ છે. પોલીસે આ મામલામાં શિબુ હાઝરા અને ઉત્તમ સરદાર સહિત ૧૮ લોકોની ધરપકડ કરી છે.

કલકતા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળની સરકારને શાહજહાં શેખની ધરપકડ કરવા તાકીદ કરી હતી ત્યારે પોલીસે હવે શાહજહાં શેખની ધરપકડ કરી લીધી છે. પોલીસે તેની ઉતર ૨૪ પરગણાના મિનાખાન વિસ્તારમાંથી ધરપકડ કરી હતી.

પોલીસે તેની ધરપકડ કરીને બશીરહાટ કોર્ટ લઈ ગઈ હતી. શાહજહાં શેખને ઈડીએ ત્રણ સમન્સ પાઠવ્યા હતા પણ તે પોલીસ પકડથી દુર હતો. શાહજહાં સામે મહિલાઓ પર જાતિય અત્યાચાર રાશન કૌભાંડમાં સામેલગીરીનાં આરોપો છે. શાહજહાં વિશે એવી ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે તે મહિલાઓની સુંદરતા જોઈને તેના પર જાતિય અત્યાચાર કરતો હતો તેણે પોતાના સાગરીતોના બળે પોતાનું સામ્રાજય સ્થાપ્યુ હતું.

શાહજહાં શેખ ટીએમસીના જિલ્લા સ્તરના નેતા છે. રાશન કૌભાંડમાં ઈડીએ ૫ જાન્યુઆરીએ તેમના ઘરે દરોડા પાડ્યા હતા. ત્યારબાદ શાહજહાંના ૨૦૦થી વધુ સમર્થકોએ ટીમ પર હુમલો કર્યો. અધિકારીઓએ પોતાનો જીવ બચાવવા ભાગવું પડ્યું હતું. ત્યારથી શાહજહાં શેખ ફરાર હતો.

# ચા, ટૂથપેસ્ટ, હેર ઓઈલ, ડિટર્જન્ટ, શેમ્પૂ, હેલ્થ ફૂડ ડ્રિંક મોઘા થયા

નવી દિલ્હી,તા. ૨૯ ભારતમાં મોંઘવારી અને ભાવવધારો એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. કાચી સામગ્રી મોંઘી થવાના કારણે ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સ કંપનીઓ તેમની ચીજવસ્તુઓના ભાવ સતત વધારતા હોય છે. તાજેતરમાં પણ એફએમસીજી સેકટરની કંપનીઓએ તેમની પ્રોડકટના ભાવમાં ૧૦ ટકા સુધી વધારો કર્યો છે. આ વધારો સાબુ, શેમ્પૂ, તેલ, ટૂથપેસ્ટ જેવી કેટેગરીમાં જોવા મળ્યો છે. આગામી દિવસોમાં પણ નવા નાણાકીય વર્ષથી પ્રોડ્કટના ભાવમાં ફેરફાર થવાની શક્યતા છે.

ચોથા ક્વાર્ટરમાં તમામ કેટેગરીમાં સરેરાશ ૧૦ ટકા ભાવવધારો થઈ ગયો છે. ટૂથપેસ્ટ, હેર ઓઈલ, ડિટર્જન્ટ, શેમ્પૂ, હેલ્થ ફૂડ ડ્રિંક, ચા અને કોફીમાં કંપનીઓએ સતત ધીમે ધીમે વધારો કર્યો છે. ટૂથપેસ્ટની વાત કરવામાં આવે તો હિંદુસ્તાન યુનિલિવરે પેપ્સોડન્ટના ભાવમાં બેથી ૧૦ ટકાનો વધારો કર્યો છે.

# સહકારી બેંકોની લેવડ-દેવડ પર કેન્દ્રની બાજ નજર

નવી દિલ્હી તા. ૨૯ :

લોકસભાની ચૂંટણી પહેલા કેન્દ્ર સરકારની વધુ એક એજન્સી એકશનમાં છે. આનાથી કાળા નાણાંની લેવડ-દેવડમાં સંકળાયેલા રાજકીય પક્ષો, નેતાઓ અને નાણાકીય સંસ્થાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. દેશના ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટએ લગભગ ૬૦૦ અધિકારીઓની એક ટીમ તૈનાત કરી છે જેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા સહકારી બેંકોમાં રોકડ જમા અને ઉપાડ પર નજર રાખી રહ્યા છે.

આ ટીમ ચૂંટણીમાં કાળા નાણાંના ઉપયોગને રોકવા માટે રાજકીય હસ્તીઓ અને તેમની સાથે જોડાયેલા લોકોના ખાતા પર નજર રાખી રહી છે. એજન્સીએ ૧૨ સહકારી બેંકોની ઓળખ કરી છે જે પાંચ રાજયોમાં તાજેતરની વિધાનસભા ચૂંટણી દરમિયાન આવા વ્યવહારોની જાણ કરવામાં નિષ્ફળ રહી હતી.

**:: ફલેટ વેચવાનો છે ::**
2 BHK ડાઈનીંગ, ફુલ ફર્નીચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે.
નોબલ ટાવર, નહેરૂપાર્ક
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

**ડો. પ્રતિક ડોબરીયા**
M.B. D.G.O.
સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન
ડોબરીયા ગાયનેક હોસ્પિટલ
આયુષ્માન ભારત P.M.J.A.Y., માં, યોજના સંલગ્ન હોસ્પિટલ
PMJAY- MA યોજના અંતર્ગત મફત સારવાર
મેટરનીટી (પ્રસુતિ) / સોનોગ્રાફી/લેપ્રોસ્કોપી/ વ્યંધત્વ (ઈન્ફર્ટીલીટી)
અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
એપોઈન્ટમેન્ટ મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯

**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



# જૂનાગઢમાં રીક્ષામાં બેસાડી યુવાન અને ખેડૂતનાં મળી રૂા. ૪૪ હજાર સેરવી લીધા : પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેરમાં બનેલા બે બનાવમાં રિક્ષામાં બેઠેલા પેસેન્જરના ખિસ્સામાંથી રૂપીયા સેરવી લીધા હોવાના બનાવો પોલીસ દફતરે નોંધાયા છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢ શહેરમાં રિક્ષામાં બેસેલા શ્રમિક યુવાનના ખિસ્સામાંથી રૂા.૯૧૦૦ સેરવી રિક્ષા ચાલક સહિત ૪ શખ્સ નાસી ગયાનો બનાવ બનવા પામ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત અનુસાર શહેરના જોષીપરા સરદારપરામાં કન્યા છાત્રાલય સામે આવેલ અભિષેક એપાર્ટમેન્ટમાં રહેતા અને મજૂરી કામ કરતા મહેશભાઈ ભગવાનજીભાઈ રાઠોડ અને તેમના પત્ની સંગીતાબેન ૧લી ફેબ્રુઆરીના રોજ બપોરે આઝાદ ચોકમાં ગર્લ્સ સ્કૂલથી સરદારપરા જવા માટે ચાલક સહિત ૪ શખ્સ સાથેની સીએનજી ઓટો રીક્ષામાં બેઠા હતા. ત્યારે ગાંધી ચોકમાં રીક્ષા ડ્રાઈવરે ઉતરી જવાનું કહી અને બસ સ્ટેન્ડનું મારે સ્પેશિયલ ભાડું છે તેમ જણાવી ઉતરી જાવ અને તમારા ભાડાના પૈસા નથી જોતા તેમ કહેતા દંપતી રિક્ષામાંથી ઉતરી ગયું હતું અને બાદમાં યુવાનને પોતાના પેન્ટના ખિસ્સામાંથી રૂપિયા રોકડ સાથેનું પાકીટ ન હોવાનું જણાયું હતું. આમ રિક્ષા ચાલક સહિત ૪ શખ્સ રૂપિયા ૯૧૦૦ની રોકડ વગેરે સાથેનું પાકીટ સેરવી, ચોરીને નાસી ગયા હતા. આ બનાવ અંગે ફરિયાદ કરતા બી ડિવિઝનનાં મહિલા પીએસઆઈ આર. એચ. બાંટવાએ તપાસ હાથ ધરી છે. દરમ્યાન અન્ય એક બનાવમાં જૂનાગઢ તાલુકાના ડેરવાણ ગામે રહેતા વનરાજભાઈ ભીખાભાઈ ભાટી (ઉ.વ.૫૫)એ અજાણ્યા ત્રણ શખ્સો વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ગત તા.૧-૨-૨૦૨૪ના બપોરના કલાક ૧૩થી ૧૩:૧૫ દરમ્યાન બનેલા બનાવ અંગે ગઈકાલે ૨૮-૨-૨૦૨૪ કલાક ૧૬:૩૦ વાગ્યે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી ગઈ તા.૧-૨-૨૪ના બપોરના ક.૧૨/૪૫ થી ક.૦૧/૧૫ દરમ્યાન જૂનાગઢ માર્કેટીંગ યાર્ડથી હનુમાન મંદિરની વચ્ચે રિક્ષાના ડ્રાઈવર તથા તેની સાથેના બે ઈસમો આમ આ કુલ ત્રણ ઈસમો આશરે ૨૫થી ૩૦ની ઉમરના ત્રણેય ઈસમોએ એકબીજા સાથે મેળાપણુ કરી ફરિયાદીને રિક્ષામાં બેસાડી અને ફરિયાદીના ધ્યાન બહાર ખિસ્સામાંથી રોકડ રૂા.૩૫૦૦૦ સેરવીને ચોરી કરી લઈ પછી બહાનું બતાવી ફરિયાદીને હનુમાન મંદિર પાસે ઉતારી દઈ ફરિયાદીના ખિસ્સામાંથી ચોરી કરી આ ત્રણેય ઈસમોએ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલી નજીકથી સાંતલપુરધાર નજીકથી છકડો રિક્ષામાં તુવેર દાળના ભુકા વચ્ચે છુપાવેલ ૪૮ બોટલ દારૂ પકડાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

વંથલી તા.૨૯

છકડો રિક્ષામાં દાળના ભુકા વચ્ચે છુપાવેલ ૪૮ બોટલ દારૂ વંથલી પોલીસે કબજો લઈ રિક્ષા સહિત ૭૪,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જોકે, ૨ શખ્સ ફરાર થઈ જતા તપાસ હાથ ધરી હતી. આ અંગે મળતી વિગત અનુસાર વંથલી પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મુળ સાંતલપુરધારના અને હાલ જૂનાગઢ રહેતો ભરત હમીર અને હિરેન હમીરએ બહારથી મંગાવેલ ઈંગ્લિશ દારૂનો જથ્થો છકડો રિક્ષામાં ભર્યો છે અને આ રિક્ષામાં તુવેર દાળના ભુકાની વચ્ચે રાખેલ વિદેશી દારૂ સાથેની રિક્ષા સાંતલપુરધાર તળાવ પાસે હોવાની બાતમી મળતા પોલીસે દોડી જઈને તપાસ કરતા બાતમીવાળી જીજે-૧૧-યુ-૦૨૪૨ નંબરની છકડો રિક્ષા રેઢી મળી આવતા રિક્ષાની તલાસી લેતા તુવેર દાળના ભુકાની વચ્ચેથી રૂપિયા ૧૯,૨૦૦ની કિંમત વિદેશી દારૂની ૪૮ બોટલ મળી આવતા પોલીસે દારૂ અને રિક્ષા સહિત કુલ રૂપિયા ૭૪,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બંને શખ્સ નાસી ગયા હોય ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## શિવરાત્રીનાં મેળામાં હર હર ગંગે સાર્વજનીક અન્નક્ષેત્રનું આયોજન



જૂનાગઢ તા. ૨૯ : તા. ૫ માર્ચથી ૮ માર્ચ સુધી શરૂ થતાં જૂનાગઢ ભવનાથ તળેટીમાં શિવરાત્રીનાં મેળામાં આ વર્ષે પણ ૧૯૮૩થી ચાલતુ અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવેલ છે. સ્વ. મહેશબાપા વેગડા અને રણછોડદાસ આચાર્યનાં આર્શિવાદથી રવિ રાંદલ માતાજી આશ્રમ ખાતે હર હર ગંગે સાર્વજનીક અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧૨.૩૦ થી રાત્રે ૯.૩૦ સુધી અન્નક્ષેત્ર ચાલુ રહેશે. અને રોજ રાત્રે ૧૦ થી સવારે ૭ વાગ્યા સુધી નામાંકીત કલાકારો દ્વારા સંતવાણી પીરસવામાં આવશે. આ અન્નક્ષેત્રનો લાભ લેવા આયોજક ઉમેશભાઈ વેગડા અને કૈલાસબેન વેગડા તરફથી ભાવિકોને આમંત્રણ પાઠવેલ છે.

# સોમનાથ મહાશિવરાત્રી પર્વ પુર્વે વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરતા જીલ્લા કલેકટર અને પોલીસ વડા



પ્રભાસ પાટણ તા.૨૯

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ખાતે આગામી શિવરાત્રી પર્વે યાત્રિકો - ભાવિકોની સલામતી, સુગમતા અને સગવડરૂપ વ્યવસ્થા જળવાય તે માટે જીલ્લા કલેકટર દિગ્વીજયસિંહ જાડેજા તથા જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ પર્વ પુર્વે સોમનાથ ખાતે ગોઠવાયેલી અને નવી ગોઠવાનાર વ્યવસ્થાઓ તેમજ ટ્રાફીક સુચારૂરૂપે સંચાલન થાય અને લોકોની શ્રધ્ધા સન્માન સાથે મંદિર સલામતી જળવાય તે માટેની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યુ હતુ અને સોમનાથ ટ્રસ્ટ પાસેથી જાણકારી મેળવી માર્ગદર્શન આપ્યું હતું અને સોમનાથ ટ્રસ્ટ તરફથી આ શિવરાત્રીએ ગોઠવાયેલી નવી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યુ હતું.

આ નિરીક્ષણના અંતે આગામી શિવરાત્રી બંદોબસ્ત ગોઠવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ નિરીક્ષણ સમયે ડે.કલેકટર, મામલતદાર-પ્રભાસ પાટણ તથા સોમનાથ મંદિર પોલીસ અધિકારીઓ, એલસીબી પીઆઈ અરવીંદસિંહ જાડેજા, સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સાથે રહ્યા હતા.

# અનંત અને રાધિકાના પ્રિ-વેડિંગ સેલિબ્રેશન્સ પૂર્વે અંબાણી પરિવારની અન્નસેવા





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૯

પોતાની વર્ષો-જૂની પરંપરાને જાળવી રાખતા, અંબાણી પરિવારે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રિ-વેડિંગ સેલિબ્રેશન્સ પૂર્વે રિલાયન્સની જામનગર ટાઉનશીપની આસપાસનાં ગામડાંમાં અન્નસેવા (સામુદાયિક ભોજન સેવા) શરૂ કરીને સમાજના સભ્યોના આશીર્વાદ મેળવ્યા છે. આ અન્નસેવાનો ૫૧,૦૦૦ સ્થાનિક નિવાસીઓને લાભ મળશે અને જામનગર અને તેની આસપાસનાં ગામોમાં આગામી કેટલાક દિવસો સુધી અન્નસેવા ચાલુ રહેશે. રિલાયન્સ ટાઉનશીપની નજીક આવેલા જોગવડ ગામે શ્રી મુકેશ અંબાણી, શ્રી અનંત અંબાણી અને સુશ્રી રાધિકા મર્ચન્ટ, સુશ્રી રાધિકા મર્ચન્ટના માતા-પિતા શ્રી વિરેન મર્ચન્ટ અને શ્રીમતી શૈલા મર્ચન્ટ તેમજ સુશ્રી રાધિકા મર્ચન્ટના નાની સહિતના અંબાણી અને મર્ચન્ટ પરિવારના સભ્યોએ જાતે હાજર રહીને પોતાના હાથે પરંપરાગત ગુજરાતી વાનગીઓ આસપાસના ગામોના લોકોને પિરસી હતી અને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. રાત્રિભોજન બાદ, ઉપસ્થિત સહુકોઈને લોક ડાયરા માટે આમંત્રિત કરાયા હતા, જ્યાં જાણીતા ગુજરાતી ગાયક કિર્તીદાન ગઢવીએ લોકગીતોની રમઝટ બોલાવીને બધાને મંત્રમુગ્ધ કર્યા હતા. અંબાણી પરિવારે સદીઓ જૂની કહેવત, 'માનવ સેવા એ જ માધવ સેવા' – 'માણસની સેવા કરવી એ ઈશ્વરની સેવા કરવા બરાબર છે'ને ચરિતાર્થ કરી હતી. આ સિદ્ધાંતના ભાવને જાળવી રાખતા, તેમણે લોકોની સેવા કરીને તેમજ તેઓને ભોજન કરાવીને પોતાના દરેક શુભપ્રસંગની શરૂઆત કરવાની પરંપરાને નિભાવી છે અને સમાજ પ્રત્યે પોતાની વચનબદ્ધતાને સુદૃઢ બનાવી છે.

# ગીર સોમનાથના ફાટસરના આચાર્યએ ૩૦૦થી વધારે બાળકોને રાજય બહાર પ્રવાસ કરાવ્યો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૯

સરકારી શાળા ના એક પ્રાથમિક શિક્ષકે રાહત દરે કરવાયો ૩૦૦ જેટલા સરકારી શાળા ના બાળકોને રાજ્ય બહાર પ્રવાસ કરાવ્યો છે. ગીર સોમનાથ જિલ્લા ના ફાટસર શાળા ના આચાર્ય કૌશિકકુમાર લાખાણી દ્વારા આશરે ૬ શાળા ના કુલ ૩૦૦ થી વધારે બાળકો ને રાજ્ય બહાર દિલ્હી,મહારાષ્ટ્ર,અને ઉત્તર પ્રદેશ નો પ્રવાસ કરાવવામાં આવ્યો અને એ પણ એકદમ રાહત દર થી.એમાં પણ ૧૦૦ જેટલા બાળકો તો પ્લેન દ્વારા મુસાફરી કરાવવામાં આવી હતી. બે વર્ષ માં સરકારી શાળા ના ૧૦૦૦ બાળકો ને રાહત દરે પ્રવાસ કરાવવાની ઈચ્છા સાથે આ વર્ષ માં ૩૦૦ જેટલા બાળકો ને લાભ મળ્યો.આ માટે શિક્ષકો અને શાળા દ્વારા પણ પૂરતો સહયોગ મળ્યો.સમગ્ર પ્રવાસ દરમ્યાન બાળકો કઈક નવું શીખ્યા તેનો આનંદ છે.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા

જૂનાગઢ તા. ૨૯

કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢની અમરેલી શાખામાંથી જેન્તીભાઈ પ્રેમજીભાઈ વિંઝુડાએ રૂા. ૧,૦૦,૦૦૦ની લોન લીધેલ હતી.

આ લોનની રકમ ભરપાઈ કરવા માટે તેઓએ સોસાયટીને ચેક આપેલ જે બેંકમાં રજુ કરતા અપુરતી રકમનાં સેરા સાથે ચેક રીટર્ન થયેલ હતો. જેથી સોસાયટીનાં પેનલ એડવોકેટ મારફતે લીગલ નોટીસ આપેલ હતી. નોટીસ મળ્યા પછી પણ તેઓએ સોસાયટીને રકમ ના ચુકવતા અમરેલી કોર્ટમાં ફરીયાદ દાખલ થયેલ હતી.

આ ફરીયાદ બાદ કોર્ટે જેન્તીભાઈ વિંઝુડાને એક વર્ષની સજા તથા ચેક રીટર્નની રકમ વળતર પેટે ઉપરાંત ૯ ટકા વ્યાજ સોસાયટીને ચુકવી આપવા હુકમ કરેલ છે. સોસાયટી વતી એડવોકેટ સચીનભાઈ મહેતા રોકાયેલ હતા.

## તોડકાંડના સહ આરોપી દીપ શાહની ધરપકડ : જેલ હવાલે

(અનુ. પાના નં. ૮નું ચાલુ...)

સર્ક્યુલર(LOC) આધારે પકડી પાડવામાં આવેલ. વધુમાં, દીપ શાહની પુછપરછ દરમ્યાન તેણે જણાવેલ કે, આ ગુનામાં પકડાયેલ આરોપી તરલ ભટ્ટના દુબઈથી ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટીંગનો જુગાર રમાડતા બિરજુ શાહ નામના બુકીએ હવાલા મારફતે મુંબઈ ખાતેથી મોકલાવેલ નાણાં રૂા.૨૭,૯૪,૪૦૦/- તેમજ રૂા.૯,૮૪,૪૦૦/- અલગ અલગ તારીખ સમયે આંગડીયામા મંગાવી પોતાના માણસ મારફતે તે પૈસાની ડીલીવરી મેળવી આરોપી તરલ ભટ્ટના માણસને આપેલ. આમ દીપ શાહ શરૂઆતથી અંત સુધી સદર ગુનામાં મુખ્ય આરોપી સસ્પેન્ડેડ પોલીસ ઈન્સ્પેકટર તરલ ભટ્ટનાઓ સાથે સંકળાયેલ છે. તેમજ સદર આરોપી દીપ શાહ નાઓ અગાઉ (૧) અમદાવાદ DCB પો.સ્ટે.માં ફ. ગુ.ર.નં. ૨૮૧/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ તથા (૨) અમદાવાદ સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ ફ. ગુ.ર.નં. ૦૯/૨૦૧૬ ઈ.પી.કો. કલમ ૩૦૬, ૪૦૬, ૪૨૦ તથા (૩) કલોલ સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ૫૦૦/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૪૦૩, ૫૦૪, ૩૨૩, ૧૧૪ તથા અમદાવાદ નવરંગપુરા પો.સ્ટે.ના ચીટીંગના બે ગુનાઓમાં પકડાયેલ છે તેમજ તેને પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરએ પાસા હુકમ નં.૬૨૩/૨૦૧૬ તા.૮-૧૧-૨૦૧૬થી પાસા હેઠળ અટકાયત કરેલ હતો. આમ મુખ્ય આરોપી સસ્પેન્ડેડ પોલીસ ઈન્સ્પેકટર તરલ ભટ્ટ દ્વારા પોતાના અંગત એવા દીપ શાહ મારફતે મેળવેલ બેન્ક એકાઉન્ટની માહિતીને ક્રિકેટના સટ્ટા બેટીંગના જુગારના કેસો કરવા અંગેની ડ્રાઈવ મુજબની બાતમી બતાવી જૂનાગઢ સાયબર સેલ મારફતે આ બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરાવી તે એકાઉન્ટ અન-ફ્રીઝ કરાવવા જે-તે બેન્ક એકાઉન્ટમાં રહેલ રકમની ૪૦% થી ૫૦% રકમ પોતે પોતાના માટે તથા પોતાના સાગરીત દીપ શાહ માટે માંગેલ હતા. જે માંગણી બાબતેના સ્વતંત્ર સાહેદોના સી.આર.પી.સી.ની ક. ૧૬૪ હેઠળ નિવેદનો પણ લેવામાં આવેલ છે. તેમજ કોઈ ગર્ભીત કારણોસર ક્રિકેટ સટ્ટા બેટીંગનો જુગાર રમાડતા એક ખાસ બુકી પાસેથી સહઆરોપી દીપ શાહ મારફતે કુલ રૂા.૩૭,૭૮,૮૦૦/- આંગડિયા થકી મેળવેલ છે. તેમજ આ ગુનામાં ફ્રીઝ થયેલ અન્ય બેન્ક એકાઉન્ટના માલિકો ઉપર દબાણ બનાવી પૈસા મેળવવા માટેનું ગુનાહિત કાવતરૂં આ બંને પકડાયેલ આરોપીઓ દ્વારા રચેલ હોવાનું તપાસ દરમ્યાન જણાઈ આવેલ છે.

# રિલાયન્સ અને ડિઝનીએ ભારતમાં સૌથી વધુ કંપેલિંગ એન્ડ એંગેજિંગ એન્ટરટેઈનમેન્ટ બ્રાન્ડ્સને સાથે લાવવા સંયુક્ત સાહસની જાહેરાત કરી

## એન્ટરટેઈનમેન્ટ અને સ્પોર્ટ્સમાં વર્લ્ડ ક્લાસ લીડર બનાવવા માટે કંપનીઓ ભારતમાં આવેલી સંબંધિત ડિજિટલ સ્ટ્રીમિંગ અને ટેલિવિઝન એસેટ્સને મર્જ કરશે

મુંબઈ તા.૨૯

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL), વાયાકોમ ૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ (Viacom18) અને ધ વોલ્ટ ડિઝની કંપની (NYSE:DIS) (Disney) એ વાયાકોમ૧૮ અને સ્ટાર ઈન્ડિયાના વ્યવસાયોને જોડતા સંયુક્ત સાહસ (JV) ની રચના કરવા માટે બંધનકર્તા નિશ્ચિત કરારો પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી છે. આ ટ્રાન્ઝેક્શનના ભાગરૂપે, Viacom18ના મીડિયા ઉપક્રમને કોર્ટ દ્વારા મંજૂર કરાયેલી સ્કીમ ઓફ એરેન્જમેન્ટના અન્વયે સ્ટાર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (SIPL)માં મર્જ કરવામાં આવશે. વધુમાં, તેની વૃદ્ધિ માટેના આયોજનના ભાગરૂપે RIL આ સંયુક્ત સાહસમાં ૧૧,૫૦૦ કરોડ (US$૧.૪ બિલિયન)નું રોકાણ કરવા સંમત થઈ છે.

આ ટ્રાન્ઝેક્શનમાં, પોસ્ટ-મની બેસીસ પર (રોકાણનું મૂલ્ય ગણતરીમાં લીધા બાદ), સંયુક્ત સાહસનું મૂલ્ય ૭૦,૩૫૨ કરોડ (US$ ૮.૫ બિલિયન) આંકવામાં આવ્યું છે. ઉપરોક્ત તબક્કા પૂર્ણ થયા પછી, સંયુક્ત સાહસ RIL દ્વારા નિયંત્રિત થશે અને તેમાં RIL ૧૬.૩૪%, Viacom18 ૪૬.૮૨% અને ડિઝની ૩૬.૮૪% હિસ્સાની માલિકી પ્રાપ્ત કરશે. ડિઝની આ સંયુક્ત સાહસમાં અમુક વધારાની મીડિયા સંપત્તિઓનું યોગદાન પણ આપી શકે છે, જે નિયમનકારી અને થર્ડ-પાર્ટી મંજૂરીઓને આધીન રહેશે. નીતા એમ. અંબાણી સંયુક્ત સાહસના અધ્યક્ષ હશે, તેમજ શ્રી ઉદય શંકર ઉપાધ્યક્ષ તરીકે સંયુક્ત સાહસને વ્યૂહાત્મક માર્ગદર્શન પૂરું પાડશે.

આ સંયુક્ત સાહસ ભારતમાં એન્ટરટેઈનમેન્ટ અને સ્પોર્ટ્સ કન્ટેન્ટના અગ્રણી ટીવી અને ડિજિટલ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પૈકીનું એક હશે, જે જિયોસિનેમા અને હોટસ્ટારના માધ્યમથી ટેલિવિઝન અને ડિજીટલ પ્લેટફોર્મ્સમાં સૌથી વધારે અપેક્ષિત ઈવેન્ટ્સના એક્સેસ સહિત સમગ્ર એન્ટરટેઈનમેન્ટ (દા.ત. કલર્સ, સ્ટારપ્લસ, સ્ટારગોલ્ડ) અને સ્પોર્ટ્સ (દા.ત. સ્ટાર સ્પોર્ટ્સ અને સ્પોર્ટ્સ૧૮) એસેટ્સને એકસાથે લાવશે. સંયુક્ત સાહસના સમગ્ર ભારતમાં ૭૫૦ મિલિયનથી વધુ દર્શકો હશે અને તે સમગ્ર વિશ્વમાં ભારતીય ડાયસ્પોરાને સેવા આપશે.

આ JV ભારતમાં મીડિયા અને મનોરંજન ઉદ્યોગમાં ડિજિટલ પરિવર્તનના યુગનું નેતૃત્વ કરશે અને ઉપભોક્તાઓને કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થળે હાઈ-ક્વોલિટી અને કોમ્પ્રિહેન્સિવ કન્ટેન્ટ ઓફરિંગ્સ પ્રસ્તુત કરશે. મીડિયા એક્સપર્ટીઝ, અત્યાધુનિક ટેકનોલોજી અને વાયકોમ૧૮ તથા સ્ટાર ઈન્ડિયાની વૈવિધ્યપૂર્ણ કન્ટેન્ટ લાયબ્રેરીના મિશ્રણ દ્વારા તફને અત્યંત કિફાયતી દરે નવીન અને સુગમ ડિજિટલ મનોરંજનની અનુભૂતિ પૂરી પાડવાની સાથે વધુ અપીલિંગ ઘરેલુ તેમજ વૈશ્વિક મનોરંજન કન્ટેન્ટ તથા સ્પોર્ટ્સ લાઈવસ્ટ્રીમિંગ સર્વિસીઝ ઓફર કરવાની સુવિધા પ્રાપ્ત થશે. ડિઝનીની વખાણાયેલી ફિલ્મો તેમજ શો વાયકોમ૧૮ના પ્રસિધ્ધ પ્રોડકશન્સ તથા સ્પોર્ટ્સ ઓફરિંગ્સની સાથે દર્શાવવા ઉપરાંત, આ તફ ભારતમાં રહેતા લોકો તેમજ વૈશ્વિક ભારતીય ડાયસ્પોરાને પ્રભાવશાળી, સુગમ અને નવીન ડિજીટલ - ફોકસ્ડ એન્ટરટેઈનમેન્ટ અનુભવ પૂરો પાડશે.

આ JVને ૩૦,૦૦૦ કરતા વધુ ડિઝની કન્ટેન્ટ એસેટ્સના લાઈસન્સની સાથે, ભારતમાં ડિઝની ફિલ્મ્સ એન્ડ પ્રોડકશન્સને ડિસ્ટ્રીબ્યૂટ કરવાના એક્સક્લુઝિવ રાઈટ્સ પણ પ્રાપ્ત થશે, જેના પગલે ભારતીય ઉપભોક્તાઓને મનોરંજનનો સંપૂર્ણ ગુચ્છો ધરાવતા વિકલ્પો પ્રાપ્ત થશે.

આ JV વિશે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન એન્ડ મેનેજિંગ ડાયરેક્ટર, શ્રી મુકેશ ડી અંબાણીએ જણાવ્યું હતું કે, "ભારતીય મનોરંજન ઉદ્યોગમાં નવા યુગના આગમનની ઘોષણા કરતો સીમાચિહ્નરૂપ કરાર છે. અમે હંમેશાથી ડિઝનીનો એક શ્રેષ્ઠ વૈશ્વિક મીડિયા ગ્રુપ તરીકે આદર કર્યો છે અને હવે અમને અમારા બહોળા સંસાધનો, રચનાત્મક કૌશલ્યો તેમજ માર્કેટિંગની સમજને સુસંગઠિત કરીને દેશભરના પ્રેક્ષકોને કીફાયતી દરે અતુલ્ય કન્ટેન્ટ પૂરું પાડવામાં મદદરૂપ થનારું આ વ્યૂહાત્મક સંયુક્ત સાહસ રચીને અમે ખૂબ રોમાંચિત છીએ. રિલાયન્સ ગ્રુપના ચાવીરૂપ ભાગીદાર તરીકે અમે ડિઝનીનું સ્વાગત કરીએ છીએ."

વોલ્ટ ડિઝની કંપનીના CEO, શ્રી બોબ ઈગરે જણાવ્યું હતું કે, "ભારત એ વિશ્વનું સૌથી વધુ વસતિ ધરાવતું બજાર છે, અને કંપની માટે લાંબા-ગાળાના મૂલ્યોની રચના કરવાની આ સંયુક્ત સાહસ થકી અમને મળનારી તકો માટે અમે રોમાંચિત છીએ. ભારતીય બજાર અને ગ્રાહકોની નાડ રિલાયન્સ સારી રીતે પારખે છે અને સાથે મળીને અમે દેશની અગ્રગણ્ય મીડિયા કંપની બનાવીશું, જે અમને ડિજિટલ સર્વિસીઝના વિશાળ પોર્ટફોલિયો તેમજ મનોરંજન અને સ્પોર્ટ્સ કન્ટેન્ટ સાથે ઉપભોક્તાઓને વધુ સારી સેવા પૂરી પાડવાની તક આપશે."

બોધી ટ્રી સિસ્ટમ્સના સહ-સ્થાપક શ્રી ઉદય શંકરે જણાવ્યું હતું કે, "રિલાયન્સ સાથેના અમારા સંબંધો હવે વિસ્તરીને તેના ફલકમાં ડિઝની જેવી મીડિયા અને મનોરંજન ક્ષેત્રની વૈશ્વિક અગ્રણીને સામેલ કરી રહ્યા છે તે અમારા માટે ગર્વની વાત છે. અમે બધા અમારા પ્રેક્ષકો, એડવર્ટાઈઝર્સ અને ભાગીદારોને અતુલ્ય મૂલ્ય પૂરું પાડવા કટિબદ્ધ છીએ. આ સંયુક્ત સાહસ થકી ભારતમાં મનોરંજન ક્ષેત્રના ભાવિનું ઘડતર કરાશે તેમજ ડિજિટલ ઈન્ડિયાના વિશ્વ માટે દૃષ્ટાંતરૂપ બનાવવાના માનનીય વડાપ્રધાનના વિઝનને પણ વેગવાન બનાવાશે."

આ ટ્રાન્ઝેકશન નિયમનકારી, શેરધારકો તેમજ ગ્રાહકોને લગતી મંજૂરીઓને આધિન છે અને કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના છેલ્લા અથવા કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં પરિપૂર્ણ થઈ જવાની અપેક્ષા છે.

આ ટ્રાન્ઝેકશન અંગે ગોલ્ડમેન સાશ એ RIL અને વાયકોમ૧૮ના નાણાકીય અને મૂલ્યાંકન પરામર્શક તરીકે તેમજ સ્કાડેન, આર્પ્સ, સ્લેટ, મેઘર એન્ડ ફલોમ LLP, ખૈતાન એન્ડ કંપની તથા શાર્દુલ અમરચંદ મંગળદાસ એન્ડ કંપની લીગલ કાઉન્સેલ્સ તરીકે કાર્યરત છે. અર્ન્સ્ટ એન્ડ યંગે RIL તથા વાયકોમ૧૮ને સ્વતંત્ર મૂલ્યાંકન પૂરું પાડ્યું છે, જયારે ૐજીમ્ઝ ઈન્ડિયાએ નાણાકીય પરામર્શક તરીકે કાર્યરત રહીને વાયકોમ૧૮ને ફેરનેસ ઓપિનિયન પૂરો પાડ્યો છે.

રેઈન ગ્રુપ આ ટ્રાન્ઝેકશન અંગે ડિઝનીના લીડ ફાયનાન્સિયલ એડવાઈઝર તરીકે કાર્યરત છે. સિટી એ ડિઝનીની ફાયનાન્સિયલ એડવાઈઝર છે. કલીયરલી ગોટલિબ એ ડિઝનીના આઉટસાઈડ કાઉન્સેલ છે અને કોવિંગ્ટન એન્ડ બર્લિંગ તેમજ AZB આ ટ્રાન્ઝેકશન અંગે ડિઝનીના લીગલ કાઉન્સેલ તરીકે સેવા આપી રહ્યા છે. BDOએ SIPLને ઈન્ડિપેન્ડેન્ટ વેલ્યુએશન પૂરૂં પાડ્યું છે.

# સ્વ. ટી.એલ. વાળા કન્યા વિદ્યાલય અને કાઠી કન્યા છાત્રાલય જૂનાગઢ ખાતે શુભેચ્છા વિદાય સન્માન અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ તા. ૨૯

શ્રી સમસ્ત કાઠી સમાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જુનાગઢ સંચાલિત સ્વ. ટી. એલ. વાળા કન્યા વિદ્યાલયમાં ધોરણ ૧૦ ની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારોહ અને ધોરણ ૧૨ ની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારંભ તેમજ શાળાના શિક્ષકોનો સન્માન સમારંભ યોજાયો શાળાના શિક્ષક શ્રી ડો.જીતુભાઈ ખુમાણ કે જેમણે ઈતિહાસ વિષયમાં પીએચડી ની ડીગ્રી મેળવતા સંસ્થા દ્વારા શાળા પરિવાર દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું તેમજ તેમજ શાળા ના શિક્ષક ડો. હેમલસિંહ ઠાકોર કે જેમને આ વર્ષે જૂનાગઢ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવતા શાળા પરિવાર દ્વારા તેમનું પણ સન્માન કરવામાં આવ્યું ઉપરાંત શાળાના કર્મચારી શ્રી મધુબેન ચૌહાણ જે વ ય મર્યાદા ના કારણે નિવૃત્ત થતા શાળા પરિવાર દ્વારા તેમને પણ વિશેષ સન્માન કરી અને તેમનું અભિવાદન કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી રામભાઈ વાળા અમુદાનભાઈ ગઢવી યોગીભાઈ પઢીયાર શ્રી ભટ્ટ સાહેબ નાઝભાઈ ખુમાણ નાગભાઈ વાળા એલ. વી. જોષી સાહેબ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહીને શાળાની વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી તેમજ વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીનીઓને શિલ્ડ ઈનામ આપી અને પ્રોત્સાહિત અને સન્માનિત કરવામાં આવી હતી મંચસ્થ મહાનુભાવો એ વિદ્યાર્થિની બહેનોને પણ પ્રેરણા દા યી પ્રવચન આપી ને પ્રોત્સાહિત કરી હતી કાર્યક્રમનું સંચાલન ડો.જીતુભાઈ ખુમાણે કર્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના આચાર્યશ્રી જયશ્રીબેન કાછડ અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# તાલાલા શ્રીબાઈ માતાજી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ૬૦૦થી વધુ લોકોને આરોગ્યની સારવાર અપાઈ

## ત્રણ દિવસના મહોત્સવમાં પ્રાથમિક સારવાર કેન્દ્ર ઉભું કરાયું હતું







ગીર સોમનાથ તા.૨૯

પ્રજાપતિ સમાજના વિશ્વવિખ્યાત અને આરાધ્ય સ્થળ એવા તાલાલા ખાતે આવેલ શ્રીબાઈ માતાજીના ધર્મસ્થાન ખાતે ત્રણ દિવસીય નૂતન મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના લોકોને અવગડતા ન પડે તે માટે વિવિધ સેવાઓ ઉભી કરવામાં આવી હતી. ખાસ કરીને પ્રાથમિક સારવાર કેન્દ્ર પણ ઉભું કરવામાં આવ્યું હતું અને ત્રણ દિવસમાં ૬૦૦થી વધુ લોકોને પ્રાથમિક સારવાર આપવામાં હતી. તાલાલા ખાતેના શ્રીબાઈ માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ત્રણ દિવસ સુધી લોકોને આરોગ્યની સેવા આપવામાં આવી હતી. જેમાં શ્રી સોરઠિયા પ્રજાપતિ સમાજના આરોગ્ય કર્મચારીશ્રીઓ ડો.પરેશભાઈ ચાંડેગરા, ડો.નિલેશભાઈ ચાંડેગરા, ડો.નવિનભાઈ જેઠવા, સંજયભાઈ બુહેચા, નિરવભાઈ જેઠવા, ઉદયભાઈ બુહેચા, સુનિલભાઈ કુકડિયા, સતિષભાઈ બુહેચા, મુકેશભાઈ વારા અને અજયભાઈ ગોહેલે ૬૦૦થી વધુ લોકોને આરોગ્યની પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્રણ દિવસના મહોત્સવમાં આરોગ્ય સેવાને લઈને તાલાલા સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ દેવળીયા, શ્રીબાઈ ધામ કારોબારી સમિતિના વિનુભાઈ ચાંડેગરા, લલીતભાઈ વરૂ, ભાવેશભાઈ ખોલીયા, ભગવાનજીભાઈ વાળા, રવિભાઈ ભરડવા, અરવિંદભાઈ ચાવડા, પ્રકાશભાઈ ડાભી, સંજયભાઈ દેવળીયા, જગદીશભાઈ ગોહિલ, ભાવેશભાઈ ગઢવાણા સહિતનાઓએ આભાર માન્યો હતો.

## જેપી મોર્ગનના વાઈસ પ્રેસીડેન્ટનો સનસનાટી મચાવતો દાવો

# ગુજરાતના ગિફ્ટસિટીમાં જાતિ આધારિત ભેદભાવ થયાની ફરિયાદ

નવી દિલ્હી, તા.૨૯

જેપી મોર્ગનના વાઈસ પ્રેસીડેન્ટ અનિરુદ્ધ કેજરીવાલે એક સનસનાટી મચાવતો દાવો કર્યો છે. તેમણે પોતાના ટ્વિટર એકાઉન્ટ પર ગુજરાતમાં જાતિ આધારિત ભેદભાવ થયાની ફરિયાદ કરીને સૌને ચોંકાવી દીધા હતા. તેમણે કહ્યું કે ગુજરાતની ગિફ્ટ સિટીમાં મેં એક ફ્લેટ ખરીદવાનો પ્રયાસ કર્યો હતો જ્યાં મને મારી જાતિના કારણે ઘર ફાળવવાની ના પાડી દેવામાં આવી. તેમણે એવો દાવો પણ કર્યો કે તેમને ધમકાવવામાં પણ આવ્યા હતા. ૩૦ જેટલાં લોકોએ તેમને ઘેરીને ધમકાવ્યા કે જો તેઓ તેમની ધમકી છતાં ઘર ખરીદવાનો પ્રયાસ કરશે તો તેમનું જીવવું મુશ્કેલ થઈ જશે. પરિવારને પણ અનેક તકલીફો વેઠવી પડશે.

એક પછી એક ટ્વિટમાં કેજરીવાલે ગાંધીનગર ખાતે આવેલી ગિફ્ટ સિટીમાં આ દુઃસ્વપ્ન સમાન ઘટના બની હોવાનો દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે સોસાયટીના મેનેજમેન્ટ દ્વારા મને મારી જાતિના કારણે જ ફ્લેટ આપવાની ના પાડી દેવામાં આવી. ગુજરાત પોલીસ, ગુજરાતના મુખ્યમંત્રી અને અન્ય કેટલાક સહયોગીઓને ટાંકતા તેમણે પોસ્ટમાં લખ્યું કે મેં ફ્લેટ ખરીદવા માટે એડવાન્સ રકમ પણ ચૂકવી દીધી હતી અને વેચાણ કરાર ફાઈનલ કરવાની તૈયારીમાં જ હતું પરંતુ સોસાયટીના વેચાણકાર તરફથી એનઓસી આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા હતા જેનાથી મને ખતરાની ઘંટડીનો આભાસ તો થયો હતો પરંતુ મામલો આટલો ગંભીર છે તેનાથી હું વાકેફ નહોતો.

તેમણે આગળ ટ્વિટમાં જણાવ્યું કે મને સોસાયટીના ચેરમેન અને મેનેજમેન્ટ તરફથી સ્પષ્ટપણે કહી દેવામાં આવ્યું કે હું અન્ય જાતિનો હોવાથી મને અહીં ઘર નહીં ફાળવાય. તેઓ મને અહીં રહેવાની પરવાનગી નહીં આપે. આ ઘટનાને કારણે મને ઘેરો આઘાત લાગ્યો છે. કેજરીવાલે આરોપ મૂક્યો કે મને ૩૦ જેટલાં લોકોએ ઘેરી લીધો હતો અને ધમકાવ્યો કે જો હું ફ્લેટ ખરીદીની પ્રક્રિયામાં આગળ વધીશ તો ગંભીર પરિણામો ભોગવવાનો વારો આવશે. તેમણે મારી પાસે મારા વંશ અને જાતિના પુરાવા પણ માગી લીધા અને મેં આપ્યા પણ ખરાં.

અનિરુદ્ધ કેજરીવાલે કહ્યું કે આ ભેદભાવની ઘટનાને કારણે નાણાકીય વ્યવસ્થાઓથી લઈને પર્સનલ અરેન્જમેન્ટ સુધીની મારી સંપૂર્ણ તૈયારીઓ હવે મુશ્કેલીમાં મૂકાઈ છે. ભારત માટે વિકાસનું એન્જિન ગણાતાં ગુજરાતમાં મારી સાથે આવી ઘટના બની તે આંચકાજનક છે. આ મારા માટે એક દુઃસ્વપ્ન સમાન બાબત છે. તેઓએ મને ધમકાવ્યો કે જો હું ગમે તેમ કરીને પણ જો ફ્લેટ ખરીદવામાં સફળ થઈ જઈશ તો તેઓ મારા જીવનની ખુશીઓ છીનવી લેશે અને મારા તથા પરિવાર માટે મોટી મુશ્કેલીઓ ઊભી કરશે. મેં સિંગાપોર જવાની તક છોડીને મુંબઈથી ગુજરાતમાં શિફ્ટ થવાનો નિર્ણય કર્યો હતો પરંતુ આ જાતિગત ભેદભાવને લીધે મારું સપનું રોળાઈ ગયું છે. તેમણે કહ્યું કે હું મારા અધિકારો અને મારા રોકાણને ફરી પ્રાપ્ત કરવા કાનૂની પ્રક્રિયાનો સહારો લઈશ.

# કોરોનાને લીધે ભારતીયોના ફેફસાને સૌથી વધુ નુકશાન

નવી દિલ્હી, તા.૨૯

કોરોના મહામારીને કારણે ભારતીયોના ફેફસાંને વધારે નુકશાન થવાને કારણે અડધા જેટલાં દર્દીઓને શ્વાસ ચઢી જવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડયો હોવાનું એક અભ્યાસમાં તારણ કાઢવામાં આવ્યું છે. ધ ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ-સીએમસી- વેલ્લોર દ્વારા ૨૦૭ દર્દીઓને તપાસી તેમના ફેફસાંની કામગીરી વિશે અભ્યાસ કરવામાં આવ્યો હતો જેને પ્લોસ ગ્લોબલ હેલ્થ પબ્લિક હેલ્થ નામની જર્નલમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં જણાયું હતું કે કોરોનાના ચેપમાંથી સાજા થયા બાદ બે મહિના પછી પણ ભારતીયોના શ્વસનતંત્રમાં સમસ્યાઓ હોવાનું જણાયું હતું. આ અભ્યાસ માટે તપાસવામાં આવેલાં દર્દીઓમાંથી ૪૯.૩ ટકાને શ્વાસ ચઢી જવાની અને ૨૭.૧ ટકાને કફની સમસ્યા થઈ હોવાનું જણાયું હતું. આ અભ્યાસમાં ચીન અને યુરોપમાં થયેલાં અભ્યાસના ડેટાની સરખામણી કરાઈ હતી. ઈટાલીમાં કરવામાં આવેલાં અભ્યાસમાં ૪૩ ટકા લોકોને શ્વાસ ચઢી જવાની અને ૨૦ ટકા કરતાં ઓછાં લોકોને કફની સમસ્યા થઈ હતી. જ્યારે ચીનમાં કરવામાં આવેલા અભ્યાસ અનુસાર આ સમસ્યાઓનું પ્રમાણ ભારતીય દર્દીઓ કરતાં ઓછું જણાયું હતું.

સીએમસી વેલ્લોર ખાતે પલ્મોનરી મેડિસિનના પ્રોફેસર અને મુખ્ય સંશોધક ડી.જે. ક્રિસ્ટોફરે જણાવ્યું હતું કે આ અભ્યાસ પરથી સ્પષ્ટ થયું છે કે ભારતીય દર્દીઓને અન્ય દેશોના દર્દીઓની સરખામણીમાં ફેફસાંની કામગીરીને વધારે અસર થઈ હતી. ભારતીયોના ફેફસાંઓને જ કેમ વધારે અસર થઈ તેના ચોક્કસ કારણો જાણવાનું તો અશક્ય છે પણ અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં અન્ય રોગો ધરાવતાં દર્દીઓનું પ્રમાણ વધારે હતું. અભ્યાસમાં જણાર્યું હતું કે ૭૨.૫ ટકા દર્દીઓને ડાયાબિટિસ, હાઈપર ટેન્શન અને ફેફસાંની અન્ય બિમારી થયેલી હતી. ફેફસાંના પરીક્ષણમાં જણાયું હતું કે ૪૪.૪ ટકા દર્દીઓમાં ઓક્સિજનને રક્તમાં ટ્રાન્સફર કરવાની ફેફસાંની ક્ષમતાને અસર થઈ હતી. જેના કારણે ઘણાંને વેન્ટિલેટર પર રાખવાની ફરજ પડી હતી.

ફેફસાંને નુકશાન કરનારૂ બીજું મોટું પરિબળ હવાનું પ્રદૂષણ હોઈ શકે જેને કારણે આપણાં ફેફસાંને નુકશાન થાય છે અને રોગપ્રતિકારક ક્ષમતા પણ ઘટે છે. દિલ્હીના પલ્મોનોલોજિસ્ટ વિવેક નાંગિયાએ જણાવ્યું હતુ કે દેશમાં ૨૦૨૨માં સત્યાવીસ લાખ કરતાં વધારે ટીબીના દર્દીઓ હતા. ટીબી વધારે પ્રમાણમાં ફેલાયેલો હોવાથી પણ ફેફસાંને વધારે નુકસાન થયું હોવાનું બની શકે. જો કે, ક્રિસ્ટોફરે જણાવ્યું હતુ કે આ અભ્યાસ સમયે એકપણ દર્દીને ટીબી થયેલો નહોતો.

# સુત્રાપાડા તાલુકા પંચાયતનું બજેટ સર્વાનમતે મંજુર

## કારોબારીના અધ્યક્ષ તરીકે મંજુલાબેન બારડ અને સામાજીક ન્યાય સમિતીના અધ્યક્ષ તરીકે પ્રતાપભાઈ પરમાર સર્વાનમતે નિયુકત થયા

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા.૨૯

સુત્રાપાડા તાલુકા પંચાયતની બજેટ સભા તાલુકા પંચાયત ખીમાભાઈના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. જેમાં સુત્રાપાડા તાલુકાનાં રૂા. ૪૯ લાખની પુરાતલક્ષી બજેટ પસાર કરેલ છે. તાલુકાનો ગામના વિકાસલક્ષી આ બજેટને તમામ સભ્યોએ આવકારે તેમજ સુત્રાપાડા તાલુકામાં પાંચ કરોડ જેવું નારેગાનું બજેટ પણ રજુ થયેલ હતું આ સભા કારોબારી સમિતીના ચેરમેને ખાલી પડેલ જગ્યામાં નિમંણુક કરવાની



પ્રક્રિયા થતા પાર્ટીના મેન્ડેટ પ્રમાણે લાટી તાલુકા પંચાયત સદસ્ય મંજુલાબેન બારડનું નામ આવતા તમામ સભ્યોએ સર્વાનમતે અધ્યક્ષ તરીકે નિયુક્ત કરેલ છે. આ નિમંણુક તમામ સભ્યો આવકારેલ તેવીજ રીતે સામાજીક ન્યાય સમિતીના અધ્યક્ષની ખાલી પડેલ જગ્યાએ પ્રાંસલીના સદસ્ય પ્રતાપભાઈ પરમારની સર્વાનુમતે વરણી કરેલ આ બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી બાંધકામના તમામ વિભાગના કર્મચારીઓ મદદનીશ વિકાસ અધિકારી યોગેશભાઈ ચાવડા તાલુકા પંચાયત તમામ સદસ્યો હાજર રહ્યા હતા.

# અબુધાબી બાદ પાકિસ્તાનમાં પણ રામમંદિરનું નિર્માણ

નવી દિલ્હી, તા.૨૯

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. થોડા દિવસો બાદ યુએઈના અબુધાબીમાં પણ વિશાળ રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પાકિસ્તાનમાં પણ રામ મંદિર નિર્માણના સમાચાર સામે આવ્યા છે. જો કે તે અયોધ્યા કે અબુ ધાબી જેટલું ભવ્ય નથી, પરંતુ તે પાકિસ્તાનના લઘુમતી હિંદુઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે.

પાકિસ્તાનના ડેરા રહીમ યાર ખાનના રહેવાસી માખન રામ જયપાલે પોતાના એક યુટ્યુબ વીડિયોમાં આ મંદિર બતાવ્યું છે અને તેની માહિતી પણ શેર કરી છે. માખન રામના જણાવ્યા અનુસાર સિંધ પ્રાંતના ઈસ્લામકોટમાં લગભગ ૨૦૦ વર્ષ જૂનું રામ મંદિર છે. નજીકના વિસ્તારોમાંથી હિન્દુઓ અહીં પ્રાર્થના કરવા આવે છે.આ મંદિરની ઈમારત તેની ઉંમરને કારણે જર્જરિત થઈ ગઈ છે. જો કે, હવે તેનું પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું છે. ખાસ વાત એ છે કે આ નવી ઈમારત બનાવનાર તમામ કારીગરો અને મજૂરો મુસ્લિમ છે.આગામી છ મહિનામાં મંદિરનું નવું મકાન તૈયાર થઈ જશે તેવી લોકોને આશા છે. આ પછી, તે જૂના મંદિરમાં રાખવામાં આવેલી મૂર્તિઓને સંપૂર્ણ વિધિ સાથે નવા બિલ્ડિંગમાં શિફ્ટ કરશે.

વીડિયોમાં જોઈ શકાય છે કે મંદિરમાં ભગવાન રામ, સીતા અને લક્ષ્મણની મૂર્તિઓ સિવાય ભગવાન શિવ અને હનુમાનની મૂર્તિઓ પણ છે.

## રાજીવના હત્યારાને લિવર ફેલ થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો

# રાજીવ ગાંધીના હત્યારા સંથાનનું ચેન્નાઈની રાજીવ ગાંધી હોસ્પિટલમાં મોત

## કાર્ડિયાક અરેસ્ટ પછી, શરૂઆતમાં એવું લાગતું હતું કે તે સ્વસ્થ થઈ જશે, પરંતુ તેને બચાવી શકાયો નહીં

ચેન્નાઈ, તા.૨૯

પૂર્વ વડાપ્રધાન દિવંગત રાજીવ ગાંધીનો હત્યારો સંથાન મૃત્યુ પામી ગયો છે. બીમારીની સારવાર દરમિયાન તે મૃત્યુ પામ્યો હતો. જોકે રસપ્રદ વાત એ છે કે સંથાનનું મોત પૂર્વ દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધીના નામે જ નિર્માણ પામેલી ચેન્નઈની સરકારી હોસ્પિટલમાં થયું હતું. રાજીવ ગાંધીની હત્યા સંથાને જ કરી હતી. તેણે આ હત્યાકાંડ મામલે દોષિત ઠેરવાયો હતો પણ પછીથી તે મુક્ત થઇ ગયો હતો. ૫૫ વર્ષીય સંથાનને જાન્યુઆરીમાં લીવર ફેલ થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો જ્યાં તે અનુક બીમારીઓથી પીડાતો હોવાથી સારવાર લઈ રહ્યો હતો.

હોસ્પિટલના ડીન ડૉ. ઈ થેરાનીરાજને જણાવ્યું હતું કે સંથાનને દાખલ કરવામાં આવ્યા ત્યારથી તેની સ્થિતિ નાજુક હતી. આ પછી, તેમની બિમારીના કારણે, આજે સવારે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. ડૉક્ટરે વધુમાં જણાવ્યું હતું કે કાર્ડિયાક અરેસ્ટ પછી, શરૂઆતમાં એવું લાગતું હતું કે તે સ્વસ્થ થઈ જશે, પરંતુ તેને બચાવી શકાયો નહીં.

રાજીવ ગાંધી હત્યા કેસમાં સંથાનને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી, જે બાદમાં આજીવન કેદમાં ફેરવાઈ હતી. આટલું જ નહીં નવેમ્બર ૨૦૨૨માં જ સંથાન સહિત અન્ય ૫ હત્યારાઓને પણ મુક્ત કરવામાં આવ્યા હતા. આ તમામ લોકોએ લગભગ ૩૨ વર્ષની જેલની સજા ભોગવી હતી.

આ લોકોને મુક્ત થયા બાદ પણ ત્રિચીની સેન્ટ્રલ જેલના સ્પેશિયલ કેમ્પસમાં રાખવામાં આવ્યા હતા. આ પાછળનું કારણ એ હતું કે તેઓ મૂળ શ્રીલંકાના નાગરિક હતા અને તેમની પાસે ન તો પાસપોર્ટ હતો કે ન તો મુસાફરીના કોઈ દસ્તાવેજો હતા. સંથાને મદ્રાસ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને માંગ કરી હતી કે તેને શ્રીલંકા મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે કારણ કે તે તેની વૃદ્ધ માતાને મળવા માંગતો હતો. જો કે, આ અંગે કોઈ નિર્ણય લેવાય તે પહેલા જ સંથાનનું લાંબી માંદગી બાદ મૃત્યુ થયું હતું.

# ‘ભારત રત્ન’ મોરારજીભાઈ દેસાઈનો આજે જન્મદિન



ભારતને આઝાદી અપાવનાર મહાન આગેવાનો ગોખલેજી, ગગાંધર તિલક, ગાંધીજી, સરદાર પટેલ, નહેરૂજી, આઝાદ,સુભાષ બોઝ, તથા અન્યય નામી અનામી નેતાઓમાં મોરારજીભાઈ દેસાઈનો પણ સમાવેશ થાય છે. અગ્રેજોના રાજમાં વહીવટી અધિકારીના ઉચ્ચ સ્થાને રહેલા મોરારજીભાઈએ ગાંધીજી તથા સરદારનાં સિપાહી બનીને આઝાદી જંગમાં ઝંપલાવેલ અને મહાન નેતાઓના પદચિન્હો ઉપર ચાલીને આઝાદી પછીના યુગમાં બૃહદ મુંબઈના મુખ્યમંત્રી લઈને કેન્દ્રના પ્રધાન, નાણાંપ્રધાન અને છેલ્લે વડાપ્રધાનનું પદ આ મહાનાયકે સંભાળેલ શ્રી નહેરૂ, ઈન્દિરાજી, પ્રધાન મંડળમાં નાણાંપ્રધાન, ઉપવડાપ્રધાન પદે રહીને દેશની મહાન સેવા કરી હતી. કટોકટીમાં જય પ્રકાશજી, અટલજી, અડવાણી સાથે જેલ વાસ ભોગવ્યો હતો. તેઓ આજીવન- દારૂબંધીના સમર્થક રહ્યા. કેન્દ્રમાં નાણાંપ્રધાન હતા ત્યારે આઠથી વધુ વાર બજેટ રજુ કર્યા હતા. અત્યાર સુધીના નેતાઓમાં તેઓ કુશળ વહીવટ કરતા હતા. તેમના અઢી વર્ષથી વધુના વડાપ્રધાન પદનાં રાજ્ય શાસનમાં દેશમાં એટલી સોંધવારી હતી કે, ૭૫ રૂપિયામાં તેલનો ડબ્બો મલતો હતા. અનાજની જોનબંદી દુર કરી હતી. અનેકો પ્રગતિ શીલ પગલા લીધા હતા. ગોલ્ડના ઉપર સારામાં સારા કાયદા બનાવ્યા હતા. પોતાના વડાપ્રધાનનાં સમયમાં તેઓએ કુશળ નેતૃત્વ આપ્યુ. દેશ-વિદેશમાં ભારતનું નામ રોશન કર્યું, મોરારજીભાઈના સમયમાં મુંબઈનાં આજના વાઘ કહેવાતા સૈનિકો બોડમાં સંતાઈ ગયા હતા. અને હરફ પણ કાઢતા નહોતા.

પાડોશના દેશો પણ શાંત હતા. જ્યારે અમેરિકાના પ્રમુખ ભારતની મુલાકાતે આવ્યા ત્યારે અમેરીકન પ્રમુખ તથા વિદેશ પ્રધાન હિસીજર વડાપ્રધાન મોરારજીભાઈ સાથેની મંત્રણામાં કોઈ પ્રશ્ને આપસમાં બોલ્યા કે આ ડોસાને ઠીક કરવા પડશે. ત્યારે મોરારજીભાઈ એ આ વાતનો તિવ્ર પ્રતિભાવ આપ્યો તેથી પ્રેસિડેન્ટ છોભિલા પડી ગયા અને ક્ષમાની મુદ્રામાં આવી ગયા આયારામ, ગયારામના રાજયહારણમાં ટુકી બુધ્ધિના નેતાઓએ પોતાના અગંત સ્વાર્થ ખાતર મોરારજીભાઈની સરકારને પાડી દીધી. તેઓની સામે અવિશ્વાસ પ્રસ્તાવ મુકાયો. તેઓએ પોતાનાં ટેકેદારની યાદી પ્રેસિડેન્ટને આપી પરંતુ આ યાદીમાં સહિ કરનારાઓએ સામેની યાદીમાં પણ સહિ કરી હતી. પ્રેસિડેન્ટે કોમેન્ટ કરતા રાજીનામુ આપ્યું આ મહાન નેતા રાજીનામું આપી મુંબઈ આવી ગયા અને જીવ્યા ત્યા સુધી દિલ્હી ગયા નહિ. મુંબઈના ભાડાનાં મકાનમાં દિર્ધજીવન જીવી આ મહાન સપુતે દેહત્યાગ્યો જયારે અનેક નેતાઓ કરોડોના નિવાસો પચાવી આજે પણ દિલ્હીમાં રહે છે. મોરારજીભાઈ ખરાઅર્થમાં ભારતરત્ન છે.

- લલિત ભટ્ટ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સમસ્યાનું સમાધાન નહીં સ્વીકારવાની જીદ

સરકાર અને ખેડૂત સંગઠનો વચ્ચે ચોથા દોરની મંત્રણા પણ નિષ્ફળ રહી, જેવી આશંકા હતી. ખેડૂત સંગઠનોએ જીદ પકડી છે. તેમની કેટલીય માંગો એવી છે જેને કોઈપણ સરકાર માટે સ્વીકાર કરવો અશક્ય છે. આ રસાકસીમાં કેટલીય ગૂંચ છે. પહેલી, હાલના ખેડૂત આંદોલનના નેતા સમગ્ર ખેડૂત સમાજનું પ્રતિનિધિત્વ નથી કરતા. તેઓ પંજાબ અને કેટલાક જિલ્લામાં ખેડૂતોના એક વર્ગનું જ નેતૃત્વ કરી રહ્યા છે. બીજું, જે માંગો તેમના દ્વારા કરવામાં આવી છે, તે ના તો પંજાબ અને ના ત્યાંના ખેડૂતોના હિતમાં છે. ત્રીજી, તેમનો ઉદ્દેશ્ય સમસ્યાનું સમાધાન કરવાનો નહીં, પરંતુ તેનો ઉપયોગ લોકસભા ચૂંટણી પહેલાં રાજકીય એજન્ડા રૂપે કરવાનો છે. ચોથી, ખેડૂત નેતાઓ દ્વારા સૂચવેલ નિદાન રોગને વધુ વકરાવે તેવો છે. પાંચમી, ભારતમાં ખેતીયોગ્ય જમીનના વિતરણમાં વ્યાપક અસમાનતા છે. સાત ટકા ખેડૂત જ દેશની કુલ ખેતીલાયક જમીનના ૪૬ ટકા પર કબ્જો ધરાવે છે. છઠ્ઠી, ૮૦ ટકાથી વધુ ખેડૂતો, જે એક હેક્ટરથી પણ ઓછી જમીનના માલિક છે, તેમની કુલ રાષ્ટ્રીય ખેતીલાયક જમીન પર માત્ર ૩૦ ટકા જ માલિકી છે. સ્પષ્ટ છે કે મોટા અને નાના ખેડૂતોનાં હિત એક નથી. સાતમી, મોટાભાગના ખેડૂત પોતાના અંગત ઉપયોગ માટે ખેતી કરે છે. કદાચ જ તેમની પાસે બજારમાં વેચવા પૂરતું ઉત્પાદન વધતું હોય. આઠમી, વર્તમાન આંદોલનમાં પંજાબના સમૃદ્ધ ખેડૂતોનો એક વર્ગ પોતાના સ્વાર્થ માટે નાના ખેડૂતો અને રાજ્યના હિતોને દાવ પર લગાવી રહ્યો છે.

હરિત ક્રાંતિ ૧૯૬૮માં શરૂ થઈ. ટેકાના ભાવ (એમએસપી)ની વ્યવસ્થા લાગુ થઈ. ૧૯૯૭-૯૮થી ખેડૂતોને મફત વીજળી આપવાની શરૂઆત થઈ. તેના પરિણામે પંજાબમાં બે પાકો ધાન્ય અને ઘઉંનું વર્ચસ્વ થઈ ગયું. પ્રદેશની ખેતીલાયક જમીનમાં ૮૫ ટકા ખેતી આ જ બે પાકો પર કેન્દ્રિત છે અને બાકી પાકો માટે થોડોઘણો અવકાશ છે. ધાન્યની ખેતી માટે ઘણું પાણી જોઈએ છે. પંજાબ સિંચાઈ માટે ૨૦ ટકા નહેરો પર તો ૮૦ ટકા ભૂજળ પર નિર્ભર છે. વીજળી ત્યાં મફતછે, તેથી ખેતરોમાં ટ્યૂબવેલથી ભૂજળ ઉલેચવામાં આવે છે. પંજાબના કેટલાક ક્ષેત્રોમાં જમીનની નીચે જળસ્તર ૧૫૦-૨૦૦ મીટર સુધી પહોંચી ગયું છે. રાષ્ટ્રીય હરિત ન્યાયાધિકરણ (એનજીટી) અનુસાર ૨૦૩૯ સુધીમાં પંજાબમાં ભૂજળ લગભગ એક હજાર ફૂટ કરતાંય નીચે પહોંચી જશે. જો તેને રોકવામાં નહીં આવે તો આગામી બે દાયકામાં પંજાબમાં કોઈના માટે પણ ભૂજળ પ્રાપ્ત કરવું અસંભવ થઈ જશે. કેન્દ્રીય ભૂજળ બોર્ડના ૨૦૨૦ના એક રિપોર્ટ અનુસાર, પંજાબના ૧૫૦ બ્લોકમાંથી ૧૩૩ બ્લોકમાં ભૂજળનું અત્યાધિક દોહન થઈ ચૂક્યું છે. રસાયણયુક્ત કીટનાશક-ખાતરના અત્યધિક ઉપયોગે પંજાબમાં તબાહી મચાવી છે. રાજ્યના માલવામાં પ્રતિ એક લાખની આબાદી પર ૧૦૭ લોકો કેન્સરથી ગ્રસ્ત છે. જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૮૦ છે. બઠિંડાને 'કેન્સર સિટી' નામે ઓળખવામાં આવે છે. ફાજિલ્કાના અબોહરમાં એક ગલી એવી છે, જ્યાં મોટાભાગના ઘરોમાં કેન્સરના રોગી છે, તેને 'કેન્સર સ્ટ્રીટ' નામ આપવામાં આવ્યું છે. આનાથી મોટું દુર્ભાગ્ય શું હોય?

ભારત વિશ્વમાં ચોખાના સૌથી મોટા નિકાસકારોમાંથી એક છે. દેશે ૨૦૨૨માં ૨.૨૩ કરોડ ટન, તો વર્ષ ૨૦૨૩માં ૧.૬૫ કરોડ ટન ચોખાની નિકાસ કરવામાં આવી. તેનો અર્થ એ થયો કે ભારત ચોખા રૂપે કરોડો લીટર પાણીની પણ નિકાસ કરી રહ્યું છે. મફત વીજળી આપવાથી પંજાબ સરકારને જ્યાં ૧૯૯૭-૯૮માં વીજળી સબસિડી રૂપે ૬૫૮ કરોડ રૂપિયા ખર્ચ કર્યા, તે ખર્ચ મફત વીજળી યોજનાઓ સાથે વધીને ૨૦૨૨-૨૩માં ૭૨૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે! ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આ ખર્ચ ૭૫૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. આજે પંજાબ દેશનો સૌથી દેવાદાર પ્રદેશ બની ગયો છે. રાજ્યના કુલ સકલ ઘરેલુ ઉત્પાદન (જીએસડીપી)માં દેવાનો અનુપાત ૪૮ ટકા છે. વિશેષજ્ઞોનું અનુમાન છે કે ૨૦૨૭-૨૮ સુધીમાં તે વધીને ૫૫ ટકા થઈ જશે. કેન્દ્ર સરકારના પ્રતિનિધિમંડળે પંજાબના ખેડૂત સંગઠનો સમક્ષ જે પ્રસ્તાવ મૂક્યો, તેમાં પાકોના વૈવિધ્યકરણ પર ભાર મૂકતાં ધાન્ય-ઘઉં ઉપરાંત મસૂર, અડદ, તુવેર, મકાઈ અને કપાસના પાક પર કરાર આધારિત એમએસપી ગેરંટી હતી. જો ખેડૂત સંગઠનો તેને સ્વીકાર કરી લે તો પંજાબ અને તેના ખેડૂતોની સ્થિતિમાં દીર્ઘકાલીન સુધાર થાત.

મોદી સરકારના વિરોધીઓ દ્વારા 'કૃષિ વિરુદ્ધ ઉદ્યોગ'નો વિકૃત વિમર્શ ઘડવામાં આવી રહ્યો છે. ભારતમાં ખેતીથી થનારી આવક પર ટેક્સ નથી લાગતો. ૧૪૦ કરોડની આબાદીમાં માત્ર સાત-આઠ કરોડ ટેક્સ ચૂકવનારા છે. સ્પષ્ટ છે કે આ કરદાતાઓ પાસેથી મળનારા રાજસ્વથી જ દેશના આધારભૂત માળખાથી માંડીને અન્ય ક્ષેત્રોમાં વિકાસ માટે વિત્તપોષણ સંભવ થઈ શકે છે. મુશ્કેલી એ છે કે વર્તમાન ખેડૂત આંદોલનના સમર્થકો આ જ વર્ગને સર્વાધિક ગાળો આપી રહ્યા છે. કોંગ્રેસના શીર્ષ નેતા રાહુલ ગાંધી સહિત મોટાભાગના વિપક્ષી દળોએ જ્યાં ખેડૂતોની માંગનું સમર્થન કર્યું છે, ત્યાં જ ખેડૂતોએ દિલ્હી કૂચમાં લગાવવામાં આવેલ અવરોધકોને તેમના અધિકાર પર 'કુઠારાઘાત' એ 'લોકતંત્રની હત્યા' ગણાવી રહ્યા છે. આ રાજકીય તકવાદની પરાકાષ્ઠા છે. કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારના સમયે ૨૦૦૬માં સ્વામીનાથન આયોગનો રિપોર્ટ જાહેર થયો હતો. ત્યારે કોંગ્રેસે તેને લાગુ કર્યો, એમ કહીને રિપોર્ટને ફગાવી દીધો કે તેને લાગુ કરવો અસંભવ છે.

હાલનું ખેડૂત આંદોલન ના તો સામાન્ય ખેડૂતોનું પ્રતિનિધિત્વ કરે છે કે ના તેમની માંગોને સરેરાશ ખેડૂતોની સમસ્યા સાથે કોઈ સંબંધ છે. દેશના અન્ય વર્ગોની જેમ ભારતીય ખેડૂત સમાજમાં પણ સમસ્યાઓ છે. સૌથી મોટું સંકટ તો એ છે કે કૃષિ ઉત્પાદનનું યોગદાન દેશના વર્તમાન જીડીપીમાં ૧૭ ટકા છે, છતાં પણ દેશનું લગભગ અડધું શ્રમબળ ખેતીમાં જોડાયેલું છે. પેઢી દર પેઢી જમીન વહેંચણીથી નાના ખેડૂતોની જમીન વધુને વધુ નાની થતી જાય છે. એવા ખેડૂતો પાસે કાં તો થોડા અઠવાડિયાનું કામ હોય છે કે પછી તેઓ બેરોજગાર હોય છે. વિકસિત દેશોમાં કુલ શ્રમબળના બે-ત્રણ ટકા ખેતી પર નિર્ભર છે. જરૂરિયાત એ વાતની છે કે અન્ય ક્ષેત્રો અને ઉદ્યોગોમાં રોજગારના અવસર પેદા થાય, જેનાથી ખેતી પર દબાણ ઘટે.

# કસ્ટમ અધિકારીના ઘરમાંથી પોણા પંદર લાખની માતબર બેનામી રોકડ મળી આવતા ચકચાર



મુંદ્રા તા.૨૯

મુંદરા પોર્ટ ખાતે ગઈકાલે લાંચના છટકામાં કસ્ટમના બે સુપ્રિન્ટેન્ડેન્ટ અને એક વચેટિયો ઝડપાયા બાદ આજે એસીબીએ વધુ કાર્યવાહી કરી આરોપીઓના ઘરની જડતી લેતા કસ્ટમ અધિકારીના ઘરમાંથી પોણા પંદર લાખની માતબર બેનામી રોકડ મળી આવતા ચકચાર પ્રસરી છે. બીજી તરફ ત્રણે આરોપીઓને કોર્ટમાં રજૂ કરાતા બીજી માર્ચ સુધી રિમાન્ડ મળ્યા છે. એ.સી.બી.ની કાર્યવાહી અંતર્ગત આ કામે આરોપીઓના ઘરની સર્ચ કાર્યવાહી કરવામાં આવી હતી. જે દરમ્યાન આરોપી મુંદરાનો શૈલેષ ગંગદેવ (હાલ-રહે. રામદેવનગર અરિહંત એપાર્ટમેન્ટ, પહેલો માળ-૧૦૩, બારોઈ રોડ)ના નિવાસ સ્થાનેથી રૂા. ૧૪,૭૮,૮૦૦ની માતબર બિનહિસાબી રકમ મળી આવી હતી જે એ.સી.બી.એ કબજે કરી છે. આ મામલે કોઈ સંતોષકારક ખુલાસો આપી શક્યા નહોતા. જેથી આગળની તપાસ કાર્યવાહી ચાલુમાં છે. નોંધનીય છે કે, ફરિયાદીએ કચ્છ (પશ્ચિમ) એ.સી.બી. પો.સ્ટે.

ભુજનો સંપર્ક કરતા આરોપી મુંદરા કસ્ટમના સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ કસ્ટમ વર્ગ-૨ શૈલેષ મનસુખ ગંગદેવ, સુપ્રિન્ટેન્ડેન્ટ (પ્રીવેન્ટિવ ઓફિસર) વર્ગ-૨ આલોકકુમાર શ્રીલક્ષ?મીકાંત દુબે, મુંદરાનો વચેટિયો રમેશભાઈ ગોપાલભાઈ ગઢવી રૂા. એક લાખની લાંચ લેતા રંગેહાથે પકડાઈ ગયા હતા. આ ત્રણે આરોપીને ભુજની અદાલતમાં એલસીબીએ રજૂ કરતા બીજી માર્ચ બપોર સુધી ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. સરકાર તરફથી વકીલ એચ.બી.જાડેજા હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, મુંદરા તેમજ કંડલા પોર્ટના કસ્ટમ તંત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર ચાલતો હોવાની વારંવાર ફરિયાદો થઈ છે પરંતુ ગઈકાલના કેસમાં નક્કર કાર્યવાહી થઈ હતી. આજે આરોપીઓના ઘરની તલાસી લેતા સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ કસ્ટમ શૈલેષ ગંગદેવના ઘરમાંથી પોણા પંદર લાખ જેવી માતબર બેનામી રકમ મળતા આ કસ્ટમ તંત્રમાં ભ્રષ્ટાચારનો વ્યાપક પ્રમાણમાં ફેલાયાનું ફલિત થાય છે. આવનારા સમયમાં આવી ધાક બેસાડતી કામગીરી થાય તેવું સંબંધિતો ઈચ્છી રહ્યા છે.

# સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટિસ એ. એમ ખાનવિલકરને લોકપાલના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા



નવીદિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટિસ એ. એમ ખાનવિલકરને મંગળવારે લોકપાલના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. લોકપાલના નિયમિત અધ્યક્ષનું પદ ૨૭મે, ૨૦૨૨ના રોજ ન્યાયમૂર્તિ પિનાકી ચંદ્ર ઘોષની નિવૃત્તિ પછી ખાલી હતું. લોકપાલના ન્યાયિક સભ્ય જસ્ટિસ પ્રદીપ કુમાર મોહંતી કાર્યકારી અધ્યક્ષની ભૂમિકા ભજવી રહ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનના એક નિવેદન અનુસાર, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જસ્ટિસ અજય માણિકરાવ ખાનવિલકરને લોકપાલના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

લોકપાલના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક વડા પ્રધાનની આગેવાની હેઠળની પસંદગી સમિતિની ભલામણોના આધારે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. એક અધ્યક્ષ સિવાય લોકપાલમાં ૪ ન્યાયિક અને બિન ન્યાયિક સભ્યો હોઈ શકે છે.

નિવૃત્ત ન્યાયાધીશો લિંગપ્પા નારાયણ સ્વામી, સંજય યાદવ અને ઋતુરાજ અવસ્થીને પણ લોકપાલના ન્યાયિક સભ્યો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સુશીલ ચંદ્રા, ગુજરાતના પૂર્વ ચીફ સેક્રેટરી પંકજ કુમાર અને અજય તિર્કીને લોકપાલના બિન-ન્યાયિક સભ્યો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂંકો ચાર્જ સંભાળ્યાના દિવસથી જ અસરકારક રહેશે તેમ જણાવાયું હતું.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા લોકસભામાં રજૂ કરાયેલા વચગાળાનાબજેટ૨૦૨૪-૨૫માં લોકપાલને રૂ. ૩૩.૩૨ કરોડ ફાળવવામાં આવ્યા હતા. જેથી તે તેની સ્થાપના અને બાંધકામ સંબંધિત ખર્ચાઓને પહોંચી વળે. ૨૦૨૩-૨૪ના બજેટમાં લોકપાલને શરૂઆતમાં ૯૨ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. પરંતુ બાદમાં આ અંગેની અંદાજપત્રીય જોગવાઈ વધારીને રૂ. ૧૧૦.૮૯ કરોડ કરવામાં આવી હતી. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (ઝફઝ) ને વચગાળાના બજેટમાં ૨૦૨૪-૨૫ માટે ૫૧.૩૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ જોગવાઈ પંચના સચિવાલયના ખર્ચ માટે કરવામાં આવી છે. ઝફઝને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૪૪.૪૬ કરોડ ફાળવવામાં આવ્યા હતા જે બાદમાં વધારીને રૂ. ૪૭.૭૩ કરોડ કરવામાં આવ્યા હતા.

# છોટાઉદેપુર નપા માં ૧.૮૧ કરોડની નાણા ખોટીરીતે વપરાયા હોવાનો કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે, રાઠવા કેસની મજબૂરીના કારણે તો ભાજપમાં નથી જોડાયા ને? : મનીષ દોશી

છોટાઉદેપુર, તા.૨૯

કોંગ્રેસના દિગ્ગજ નેતા નારણ રાઠવા હવે ભાજપના થયા છે. નારણ રાઠવાએ પુત્ર સંગ્રામ સિંહ સાથે કેસરિયો ખેસ ધારણ કર્યો છે. ભાજપની નિર્ણયશક્તિના કારણે પિતા-પુત્ર ભાજપમાં જોડાયા તેવું તેમણે જોડાયું. ત્યાર છોટાઉદેપુરના કદાવર નેતા કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાવાનો લઈને પૂર્વ સાંસદ અને ટ્રાઈફેડના ચેરમેન રામસિંગ રાઠવાએ પ્રતિક્રિયા આપી છે.

છોટાઉદેપુરના કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાતા ટ્રાઈફેડના ચેરમેન રામસિંગ રાઠવાએ પ્રતિક્રિયા આપી છે. રામસિંગ રાઠવાએ જણાવ્યું કે, જે-તે વખતે અમે વાત કરી હતી કે રાઠવા ત્રિપુટી તૂટવાની છે અને આજે અમે જોઈ રહ્યા છે કે અને હર્ષની લાગણી અનુભવી રહ્યા છે. છોટાઉદેપુરમાં એક સમય એવો હતો કે રાઠવા ત્રિપુટી સામે પડ્યો એનું અસ્તિત્વ રહેતું ન હતું અને એવા સમયે મેં એમના સામે પડકાર ફેંક્યો અને પડકારમાં મેં જીતેને આગળ આવ્યો.

રાઠવા પિતા-પુત્રના ભાજપમાં જોડાવા અંગે કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું કે, સંગ્રામ રાઠવા છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખ હતા ત્યારથી નાણાંની ઉથલપાથલનો હવાલો આપ્યો હતો. છોટાઉદેપુર નપા માં ૧.૮૧ કરોડની નાણા ખોટીરીતે વપરાયા હોવાનો કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. કેસની મજબૂરીના કારણે તો ભાજપમાં નથી જોડાયા ને? કોંગ્રેસે રાઠવા પરિવારને સતત સાંસદ અને વિધાનસભાની ટિકિટો આપી છે. ભાજપ ભરતી મેળાના નામે પ્રપંચ કરી રહ્યું છે. યુવાઓ સરકારી નોકરીના ભરતી મેળાની રાહ જોઈ રહ્યા છે અને ભાજપમાં ભારતીમેળા થાય છે. ભાજપ મજબૂત હોવાનો દાવો કરે છે તો કોંગ્રેસના નેતાઓને લેવાની શું મજબૂરી છે? અંબાજીથી ઉમરગામના આદિવાસી વિસ્તારના મતદાતાઓ ભાજપથી નારાજ છે. આદિવાસી સબપ્લાનની ગ્રાન્ટ વપરાઈ નહીં અને નકલી કચેરીઓ ધમધમે છે.

લોકસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી નારણ રાઠવા આજે કોંગ્રેસને અલવિદા કહી ભાજપમાં જોડાયા છે. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની હાજરીમાં કોંગ્રેસના વધુ એક રાઠવા ભાજપમાં જોડાયા છે અને કોંગ્રેસ માટે આ એક મોટો ઝટકો છે. કેમ કે નારણ રાઠવાની ગણતરી કોંગ્રેસના સૌથી મોટા આદિવાસી નેતામાં થતી હતી. નારાયણ રાઠવાની સાથે તેમના પુત્ર સંગ્રામ રાઠવા પણ ભાજપમાં જોડાયા છે. નારણ રાઠવા છ સરકારમાં રેલવે રાજ્ય મંત્રી બન્યા હતા. અને તેમનો રાજ્યસભાના સાંસદ તરીકેનો કાર્યકાળ ૨ એપ્રિલે પૂરો થાય છે.

૬૭ વર્ષના નારણ રાઠવાએ રાજનીતિની શરૂઆત કોંગ્રેસથી જ કરી હતી. તે પાંચ વખત લોકસભાના સાંસદ બન્યા હતા. ૧૯૮૯માં લોકસભા ચૂંટણી જીતીને નારણ રાઠવા પહેલીવાર સંસદ પહોંચ્યા હતા. તેના પછી ૧૯૯૧, ૧૯૯૬, ૧૯૯૮ અને ૨૦૦૪માં પણ તે ચૂંટણી જીતીને સાંસદ બન્યા. તે છોટાઉદેપુરના સાંસદ હતા. ૨૦૦૪થી ૨૦૦૯ની વચ્ચે યૂપીએ-૧ સરકારમાં તે રેલવે રાજ્યમંત્રી પણ બન્યા હતા. જોકે ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં તે ભાજપના રામસિંહ રાઠવા સામે હારી ગયા હતા. તેના પછી તે ૧૦ વર્ષ સુધી કોઈપણ પદ પર નહોતા. જોકે કોંગ્રેસે ૨૦૧૮માં તેમને રાજ્યસભામાં મોકલ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કાયા, વાણી, મનથી કોઈ નિર્દોષને દુભાવવું નહિં તે પણ અહિંસા જ છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા વદ-૫ શ્રી સંકલ્પસિધ્ધિ ગણેશ મંદિરમાં સહસ્ત્ર ભોજન મહોત્સવ (મુંબઈ) તા.૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૮, ચિત્રા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૧૬, સૂ.અ.૬:૫૨

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનમાં ગુપ્ત ચિંતા સતાવે. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
વૃષભ:નવા આયોજન સફળતાથી પાર પડે. ગૃહસ્થીજીવન આનંદમય રહે.
મિથુન:મહત્વની મુલાકાત સફળ નીવડે. મનમાં ગુપ્ત ચિંતા રહે.
કર્ક: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્ભવે.
સિંહ: જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠિન બને.
કન્યા: આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય. મહત્વના કાર્યોમાં સફળતા મળે.
તુલા: મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
વૃશ્ચિક:લાભની નવિન તક સાંપડે. વડીલ વર્ગથી લાભ મળે.
ધન: કાર્યબોજમાં વધારો થાય. દરેક કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
મકર: માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.
કુંભ: સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. પ્રવાસથી લાભ.
મીન: આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ. વાણી સંયમ જાળવવો હિતાવહ.

# આઝાદીનાં ૧૦૦ વર્ષ થશે ત્યારે ભારત દેશના નવ યુવાનો દરેક ક્ષેત્રે અગ્રણી હશે, વિઝા માટે લાઈન લાગશે: અમિત શાહ



કલોલ, તા.૨૯

કલોલમાં સ્વામિનારાયણ વિશ્વમંગળ ગુરુકુળની સ્વામિનારાયણ મેડિકલ કોલેજના નવા બિલ્ડિંગના લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, આઝાદીનાં ૧૦૦ વર્ષ થશે ત્યારે ભારત દેશના નવ યુવાનો દરેક ક્ષેત્રે અગ્રણી હશે. દેશમાં ડિજિટલ અને આધુનિકતા લાવવાની સાથે સંસ્કૃતિને જાળવવાનું કામ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે. આવનારા સમયમાં એક અદભુત ભારતનું નિર્માણ થશે અને ભારત વિશ્વમાં સર્વશ્રેષ્ઠ દેશ હશે. ૨૦૪૭માં ભારતના વિઝા લેવા માટે લાઈન લાગશે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં મેડિકલ સેવા વધારવાનું કામ ૧૦ વર્ષમાં ખૂબ ઝડપથી થયું છે. ૭૦ વર્ષમાં ૭ એઈમ્સ હોસ્પિટલ બની હતી. ૧૦ વર્ષમાં ૨૩ એઈમ્સ હોસ્પિટલ બની છે. દેશમાં ૩૮૭ મેડિકલ કોલેજ હતી, જે વધારીને ૭૦૬ બનાવાઈ છે. ૫૧ હજાર એમબીબીએસની સીટ વધારીને ૧ લાખથી વધુ કરાઈ છે. અગાઉ ૩૧ હજાર જેટલા એમડી, એમએસ ડિગ્રી લઈને દર વર્ષે બહાર આવતાં હતા. તે સીટો આજે ૭૦ હજાર કરી છે. ઉચ્ચ શિક્ષણમાં આઈઆઈટી, આઈએએમ જેવી સંસ્થાઓને વિશ્વ કક્ષાની બનાવાઈ છે. શાહે ગાંધીનગરમાં ૭૫૮ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કર્યું હતું.

# હવે રાજ્યમાં કુલ ૧૭ મહાનગરપાલિકા બનશે, પોરબંદર-છાયા અને નડિયાદનો પણ સમાવેશ કરાયો

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં વધુ બે મહાનગરપાલિકાની વિધાનસભામાં જાહેરાત કરવામાં આવી છે. પોરબંદર-છાયા અને નડિયાદની નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો અપાશે. પંકજ દેસાઈની પણ રજૂઆતને ધ્યાનમાં લઈને સરકારના મંત્રી કનુ દેસાઈએ જાહેરાતમાં ઉલ્લેખ કર્યો હતો. પંકજભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં સરકારનો આભાર માન્યો હતો.

રાજ્યમાં હાલમાં ૮ મહાનગરપાલિકા અસ્તિત્વમાં છે. રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈએ ગુજરાતનું નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કર્યું હતું, જેમાં વધુ ૭ નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે આજે વધુ બે નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ, હવે રાજ્યમાં કુલ ૧૭ મહાનગરપાલિકા બનશે.

હાલમાં કાર્યરત મહાનગરપાલિકાઓનું લિસ્ટ

૧. અમદાવાદ
૨. સુરત
૩. વડોદરા
૪. રાજકોટ
૫. જામનગર
૬. જૂનાગઢ
૭. ગાંધીનગર
૮. ભાવનગર

બજેટમાં જાહેર થયેલી મહાનગરપાલિકાઓનું લિસ્ટ

૧. નવસારી
૨. ગાંધીધામ
૩. મોરબી
૪. વાપી
૫. આણંદ
૬. મહેસાણા
૭. સુરેન્દ્રનગર-વઢવાણ

આજે જાહેર થયેલી મહાનગરપાલિકાઓનું લિસ્ટ

૧. પોરબંદર-છાયા
૨. નડિયાદ

સૌથી વધુ મનપા ધરાવતા રાજ્યો

- મહારાષ્ટ્ર-૨૯
- તમિલનાડુ-૨૧
- બિહાર-૧૯
- આંધ્રપ્રદેશ-૧૭
- ઉત્તર પ્રદેશ-૧૭
- મધ્ય પ્રદેશ-૧૬

આ લિસ્ટમાં ગુજરાતનો પણ સમાવેશ થશે, કારણ કે અગાઉની ૮, બજેટમાં જાહેર થયેલી ૭ અને આજે અન્ય બે મનપાનો નિર્ણય લેતા હવે ગુજરાતમાં પણ ૧૭ મહાનગરપાલિકા થશે.

### લોકસભાની ચૂંટણી નજીક આવતા રાજ્યમાં ફરી આંદોલનોની મોસમ શરૂ !

# રાજ્યભરના આરટીઓ કચેરીના અધિકારીઓ સરકાર સામે વિરોધ પ્રદર્શન કરશે : વિવિધ કાર્યક્રમોની જાહેરાત




ગાંધીનગર, તા.૨૯ રાજ્યભરના આરટીઓ કચેરીના કર્મચારીઓ રાજ્ય સરકાર સામે વિરોધ પ્રદર્શન કરશે. હવે રાજ્ય સરકાર અને ટ્રાન્સપોર્ટ કમિશ્નર સામે ટેકનિકલ આરટીઓ અધિકારીઓએ બાંયો ચડાવી છે. ગુજરાત મોટર વ્હીકલ ડિપાર્ટમેન્ટના ટેકનિકલ ઓફિસર એસોસિએશને ૨૬ ફેબ્રુઆરી ટેકનિકલ આરટીઓ અધિકારીઓ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આરટીઓના ટેકનિકલ અધિકારીઓ દ્વારા અગાઉ વાહન વ્યવહાર મંત્રીને પત્ર લખીને પોતાની માગ સ્વીકારવા કહ્યું હતું પરંતુ તેમની માંગને હકારાત્મક પ્રતિસાદ ન મળતા આરટીઓના ટેકનિકલ અધિકારીઓ સરકાર સામે પડ્યા છે. કેટલાક આરટીઓ અધિકારીઓના પ્રોબેશન પિરિયડના ૩થી ૧૦ વર્ષ પૂર્ણ થયા હોવા છતાં પણ હુકમ ન કરતા આ પ્રકારના ૩૮ અધિકારીઓના હુકમ કરાવવાની માંગ કરવામાં આવી છે. મોટર વાહન ખાતામાં ઇન્સ્પેક્ટરોને વાહન ચેકિંગની ફરજમાં અગવડતા પડતી હોય તેનું નિરાકરણ લાવવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ડ્રાઈવિંગ ટ્રેકની ટેસ્ટમાં ઘણી બધી મુશ્કેલીઓ પડી રહી છે. તે મુશ્કેલીનું નિરાકરણ લાવવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે. આવી સમસ્યાઓમાં ફરિયાદ કરવામાં આવે તો સુવિધાના અભાવે આરટીઓ અધિકારીઓ પર કાર્યવાહી કરવામાં આવતી હોય છે. તેનો પણ રોષ આરટીઓ અધિકારીઓમાં જોવા મળ્યો હતો. આવી અનેક રજૂઆતોને ધ્યાને રાખીને પત્ર લખવામાં આવ્યો હતો. પરંતુ નિરાકરણ ન

## કાળી પટ્ટી પહેરી પ્રથમ દિવસે નોંધાવ્યો વિરોધ : તા.૧લી માર્ચે માસ સીએલનો કાર્યક્રમ

આવતા રાજ્યભરના ટેકનિકલ અધિકારીઓ આજે ૨૬ ફેબ્રુઆરીના રોજ કાળી પટ્ટી પહેરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ૨૭ ફેબ્રુઆરીના રોજ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના વડાને લેખિતમાં આવેદન અપાયું હતું અને ૨૮ તારીખના રોજ સોશિયલ મીડિયા મારફતે મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર મંત્રીને પોતાની પડતર માંગણીઓની રજૂઆત કરી હતી. આજ ૨૯ તારીખના રોજ ટેકનિકલ અધિકારીઓ કચેરી શરૂ થવાના સમય પહેલા અને રીસેસના સમયે સૂત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ૧ માર્ચના રોજ ૭૦૦થી વધુ ટેકનિકલ આરટીઓ અધિકારી એક દિવસની માસ સીએલ ઉપર ઉતરી વિરોધ પ્રદર્શન કરશે. તો પણ પોતાની માંગ નહીં સંતોષાય તો ૪ માર્ચના રોજ તમામ અધિકારીઓ ગાંધીનગરના સત્યાગ્રહ છાવણીમાં ભેગા થઈ વિરોધ પ્રદર્શન કરશે. સરકાર સામે એટલો વિરોધ કર્યા બાદ પણ સરકારના પેટનું પાણી નહીં હલે તો ૧૧ માર્ચના રોજ સ્વયંભુ માસ સીએલ ઉપર ઉતરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. તમામ આરટીઓ ટેકનિકલ ઇન્સ્પેક્ટરોનો વિરોધ ટ્રાન્સપોર્ટ કમિશનની સામે જોવા મળી રહ્યો છે. ગુજરાત મોટર વ્હીકલ ડિપાર્ટમેન્ટ ટેકનિકલ ઓફિસર્સ એસોસિએશનના પ્રમુખ ચિરાગ મેહરાએ જણાવ્યું હતું કે, પ્રોબેશન પિરિયડ પૂર્ણ કરી હુકમ આપવા સહિત અન્ય ૧૯ પડતર માંગણીઓને પૂર્ણ કરવા માટે ગાંધીનગર ખાતે એસીએસ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. તે દરમ્યાન તેમનો હકારાત્મક અભિગમ મળ્યો હતો પરંતુ મોટાભાગના પ્રશ્નો પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરી હેઠળ આવતા હોવાથી સંપૂર્ણ પ્રતિસાદ મળી રહ્યો નથી. રાજ્યભરમાંથી ૭૦૦થી વધુ ટેકનિકલ અને બિન-ટેકનિકલ અધિકારીઓ સહિત ૧૨૦૦ ક્લાર્ક અને ડિપાર્ટમેન્ટના અધિકારી પણ આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા છે. કારણ કે ખોટી રીતે અનેક વખત નોટિસ અને ચાર્જશીટની બજવણી કરીને ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે.

# રાજ્યના વિવિધ શહેરોમાં એર-સ્ટ્રીપ વિકસાવવા રૂા.૫૬.૪૬ કરોડ ખર્ચ્યા બાદ પણ સ્ટ્રીપ હજુ હવામાં



ગાંધીનગર,તા.૨૯ રાજ્યમાં સરકાર દ્વારા મોટા ઉપાડે એર-કનેક્ટિવીટીની તથા તેને લઈને મોટા શહેરોમાં એર-સ્ટ્રીપ વિકસાવવાની વાતો કરાય છે પરંતુ રાજ્યના આવા શહેરોમાં એર-સ્ટ્રીપ વિકસાવવા રૂા.૫૬.૪૬ કરોડનો ખર્ચ કરવા છતાં તેનું કામ થઈ શક્યું નથી. એરપોર્ટ વિસ્તરણનું કામ ક્યારે પૂર્ણ થશે તેની સ્પષ્ટતા પણ સરકાર તરફથી કરી શકાઈ નથી. બીજી તરફ ધરોઈમાં સી-પ્લેન શરૂ કરવાની વાત જોરશોરથી કરાયા બાદ હજુ જમીન મેળવવાની કાર્યવાહીમાં જ મામલો અટવાયેલો હોવાનું બહાર આવ્યું છે. ગુજરાતમાં એર-સ્ટ્રીપ વિકસાવવા છેલ્લા બે વર્ષમાં ૫૬.૪૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. અલબત, મોટા ભાગની એર-સ્ટ્રીપ હજી જમીન ઉપર ઉતરી નથી, લાંબા સમયથી તેના માટે કામગીરી ચાલી રહી છે. અંબાજી ખાતે અનુકૂળ જમીન માટે બનાસકાંઠા કલેકટરને જણાવાયું છે, દ્વારકામાં જમીનની પ્રિ-ફિઝિબિલીટી માટે જાન્યુઆરી-૨૦૨૪માં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને રજૂઆત કરાઈ છે. અંકલેશ્વરમાં પ્રથમ તબક્કે એપ્રન અને ટેકસી વે બાંધકામની કામગીરી પૂરી કરાઈ છે. જ્યારે રન-વે બાંધકામની કામગીરી પૂર્ણ થઈ છે. વિધાનસભા ગૃહમાં એક લેખિત સવાલના જવાબમાં સરકાર તરફથી માહિતી આપતા વધુમાં જણાવાયું છે કે એર સ્ટ્રીપ માટે વર્ષ ૨૦૨૨માં ૪.૫૫ કરોડ અને ૨૦૨૩મા ૫૬.૪૬ કરોડનો ખર્ચ થયો છે. સરકારે માહિતી આપી છે કે, મોરબીમાં પસંદ કરાયેલી જમીન ઉપર ૨૫૦૦ મીટર રન-વે બાંધકામ માટે જરૂરિયાત મુજબની જમીન મેળવવાની કામગીરી ચાલી રહી છે. પાલિતાણામાં એરપોર્ટ ઓથો.ના પ્રિ-ફિઝિબિલિટી સ્ટડી મુજબ જમીન અનુકૂળ ન હોઈ, બીજી જમીન મળશે એટલે કામ આગળ વધારાશે. ધોળાવીરામાં પસંદ કરાયેલી જમીન પુરાતત્વ વિભાગની જમીનને સંલગ્ન હોઈ, અભિપ્રાય મેળવાશે, રાજપીપળામાં પ્રિ-ફિઝિબિલિટી સ્ટડી મુજબ જમીન અનુકૂળ નથી એટલે અત્યારે કોઈ આયોજન નથી. માંડવીમાં જમીન મેળવાઈ રહી છે, દહેજ, પરસોલી, વણોદ (બહેચરાજી) અને બગોદરા ખાતે હવાઈપટ્ટી વિકસાવવાની કામગીરી વિચારણા હેઠળ છે. આ ઉપરાંત સી-પ્લેન અંગેના પ્રશ્નના જવાબમાં મંત્રી દ્વારા જણાવાયું હતું કે ધરોઈ ડેમ પર સી-પ્લેન સેવા શરૂ કરાશે. ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ વોટર એરોડ્રોમ વિકસાવવા સિંચાઈ વિભાગની જમીન મેળવવા કાર્યવાહી કરાઈ છે. એરોડ્રોમ વિકસાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ સેવા શરૂ કરવા નિયમોનુસાર કાર્યવાહી કરાશે. જ્યારે કેવડિયા ખાતે ડિસેમ્બર ૨૦૧૮માં શરૂ કરાયેલી હેલિકોપ્ટર જોય રાઈડ સપ્ટેમ્બર ૨૦૧૯મા બંધ થઈ હતી, આ સેવા ફરી શરૂ કરવા સપ્ટેમ્બર ૨૦૧૯માં ટેન્ડર પ્રક્રિયા કરાઈ હોવાનું આ અંગેના પ્રશ્નના જવાબમાં સ્પષ્ટતા કરાઈ છે. જ્યારે રાજ્યમાં પોરબંદર, સુરત, વડોદરા, કેશોદ અને ભાવનગર ખાતે એરપોર્ટ વિસ્તરણની કામગીરી પ્રગતી હેઠળ છે. આ કામગીરી ક્યાં સુધીમાં પૂરી કરાશે તેવા એક સવાલના જવાબમાં સરકાર વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરીને કામગીરી પુર્ણ કરાશે, સરકારે ચોક્કસ સમયગાળા વિશે ફોડ પાડયો ન હતો.

# મોરેશિયસ હવે સૌથી વધુ ભારતીય વસ્તી ધરાવતો દેશ બની ગયો

નવી દિલ્હી, તા.૨૯ ભારતમાં ૯૬.૬૩ કરોડ હિંદુઓ છે, જે કુલ વસ્તીના ૭૯ ટકા છે. જો આપણે કુલ વસ્તીની ટકાવારી જોઈએ તો, પાડોશી દેશ નેપાળમાં હિંદુઓની ટકાવારી વધુ છે. નેપાળની કુલ વસ્તીના ૮૦ ટકાથી વધુ હિંદુઓ છે. એ હિસાબે નેપાળમાં સૌથી વધુ હિન્દુ વસ્તી છે એમ કહી શકાય. ભારત અને નેપાળ પછી વિશ્વની ત્રીજી સૌથી મોટી હિન્દુ વસ્તી વિશે જોઈ શકીએ છીએ. સેન્ટ્રલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સ અનુસાર, ૨૦૨૧ની વસ્તી ગણતરી મુજબ, નેપાળમાં સંખ્યાની દ્રષ્ટિએ અહીં ૨ કરોડ ૩૬ લાખ ૭૭ હજાર ૭૪૪ હિન્દુઓ છે. હિંદુઓની સંખ્યા ૮૧.૧૯ ટકા હતી. એક સમયે નેપાળ હિન્દુ રાષ્ટ્ર હતું. પરંતુ ૨૦૦૬માં તેને ધર્મનિરપેક્ષ રાજ્ય જાહેર કરવામાં આવ્યું હતું. નેપાળની સંસ્કૃતિ તિબેટ અને ભારત જેવી જ છે. ટકાવારીની દ્રષ્ટિએ નેપાળ વિશ્વનો સૌથી મોટો હિંદુ દેશ છે. ધાર્મિક અને જાતિ સહિષ્ણુતા નેપાળની મૂળભૂત સંસ્કૃતિ છે. અહીં વૈષ્ણવ, શૈવ, બૌદ્ધ અને સક્તનો પ્રભાવ છે. નેપાળમાં ૯ ટકા બૌદ્ધ અને ૪.૪ ટકા મુસ્લિમો છે. નેપાળ અને ભારત પછી મોરેશિયસમાં સૌથી વધુ હિન્દુઓ છે. હિંદુઓ હવે મોરેશિયસમાં ૫૦ ટકાથી વધુ છે. મોરેશિયસમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, કુલ વસ્તીના ૪૮.૫ ટકા હિંદુઓ છે. હવે તે ૫૧ ટકા સુધી પહોંચી ગયો હોવાનું માનવામાં આવે છે. ભારતીયોને સૌ પ્રથમ ૧૮૩૬માં મોરેશિયસ લઈ જવામાં આવ્યા હતા. આ પછી, ભારતમાંથી બંધાયેલા મજૂરોને ફિજી, જમૈકા, ત્રિનિદાદ, માર્ટીનિક, સુરીનામ અને અન્ય દેશો અથવા ટાપુઓ ઉપર કામ માટે લઈ જવામાં આવ્યા હતા. મોરેશિયસ હવે આફ્રિકા ખંડમાં સૌથી વધુ ભારતીય વસ્તી ધરાવતો દેશ બની ગયો છે. અહીં હિન્દુઓની બહુમતી છે. મોરેશિયસમાં હિંદુ ધર્મ ઈન્ડેન્ટર્ડ લેબર દ્વારા ફેલાવા લાગ્યો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનમાં કામ કરવા માટે મોટી સંખ્યામાં હિંદુઓને મોરેશિયસ લાવવામાં આવ્યા હતા. આ કામદારોને બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, તેલંગાણા અને આંધ્ર પ્રદેશમાંથી લાવવામાં આવ્યા હતા. તેઓએ બ્રિટિશ પ્લાન્ટેશન ઉપર કામ કર્યું. ૨૭.૯ ટકા હિંદુ વસ્તી સાથે ફિજી મોરેશિયસ પછી બીજા ક્રમે છે. ગયાનામાં ૨૩.૩ ટકા હિંદુઓ છે અને ભારતના પાડોશી ભૂટાનમાં ૨૨.૫ ટકા હિંદુઓ છે. ટોબેગોમાં ૧૮.૨ ટકા, કતારમાં ૧૫.૧ ટકા અને શ્રીલંકામાં ૧૨.૬ ટકા હિંદુઓ છે. મોરેશિયસ સરકારના મોટાભાગના વડાપ્રધાનો હિન્દુ છે. ત્યાંના મોટા ભાગના સરકારી મંત્રીઓ પણ હિન્દુઓ છે. તેઓ મોરેશિયસના અર્થતંત્ર અને શાસન ઉપર પણ પ્રભુત્વ ધરાવે છે.

# રાજ્યસભાના ૩૬ ટકા ઉમેદવારો ઉપર ફોજદારી કેસો છે, રાજ્યસભાના ઉમેદવારોમાં મહિલાઓની ટકાવારી ઓછી છે : ADR રિપોર્ટ

નવી દિલ્હી, તા.૨૯ ૨૦૨૪ની રાજ્યસભાની ચૂંટણી લડી રહેલા ઉમેદવારોમાંથી ૩૬% જેટલા ઉમેદવારો ફોજદારી કેસોમાં આરોપી છે અને તેમાંથી ૧૭% ગંભીર ફોજદારી કેસોનો સામનો કરી રહ્યા છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, આ ઉમેદવારોની સરેરાશ સંપત્તિ, તેમના સ્વ-સોગંદનામા અનુસાર, ૧૨૭.૮૧ કરોડ છે, જેમાં હિમાચલપ્રદેશના કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સિંઘવી ટોચના સ્થાને છે. લોકતાંત્રિક સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવેલા કાયદાકીય પગલાંથી વિપરીત, રાજ્યસભાના ૫૯ ઉમેદવારોમાંથી માત્ર ૧૧ જ મહિલા છે. સંસદે સપ્ટેમ્બર ૨૦૨૩માં મહિલાઓ માટે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં ૩૩% બેઠકો અનામત રાખવા માટે કાયદો પસાર કર્યો હોવા છતાં આ સંખ્યા ઉપલા ગૃહ માટે ઉમેદવારોની કુલ સંખ્યાના માત્ર ૧૯% છે. આ નવો કાયદો ૨૦૨૯માં લાગુ થશે. ૧૫ રાજ્યોમાંથી રાજ્યસભાની બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણી ૨૭ ફેબ્રુઆરીએ યોજાવાની છે. રાજકીય પક્ષોએ તેમની જીત સુનિશ્ચિત કરેલી બેઠકોની સંખ્યા મુજબ ઉમેદવારોને મેદાનમાં ઉતારવાના કારણે ઘણા રાજ્યોમાં સંખ્યાબંધ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. ADR અને નેશનલ ઈલેક્શન વોચે રાજ્યસભાના ૫૯માંથી ૫૮ ઉમેદવારોના સ્વ-સોગંદનામાનું વિશ્લેષણ કર્યું છે. આ વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે, ચકાસણી કરાયેલા ઉમેદવારોમાંથી ૩૬% લોકોએ પોતાની વિરુદ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા છે. વધુમાં આમાંથી ૧૭% વ્યક્તિઓ ઉપર ગંભીર ફોજદારી આરોપો છે જેમાં એક ઉમેદવાર ઉપર હત્યાના પ્રયાસનો કેસ છે. ADRના આ રિપોર્ટ મુજબ, ભારતીય જનતા પાર્ટીના ૩૦ ઉમેદવારોમાંથી આઠ (૨૭%), કોંગ્રેસના નવ ઉમેદવારોમાંથી છ (૬૭%), તૃણમૂલ કોંગ્રેસના ચાર ઉમેદવારોમાંથી એક (૨૫%), સમાજવાદી પાર્ટીના ઉમેદવારોના ત્રણમાંથી બે (૬૭%), યુવા શ્રમિક રાયથુ કોંગ્રેસ પાર્ટીના ત્રણ ઉમેદવારોમાંથી એક (૩૩%), રાષ્ટ્રીય જનતા દળના બે ઉમેદવારોમાંથી એક (૫૦%), બીજુ જનતા દળના બે ઉમેદવારોમાંથી એક (૫૦%) અને એક ભારત રાષ્ટ્ર સમિતિના ઉમેદવારે તેમની એફિડેવિટમાં પોતાની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે. ઉમેદવારોની નાણાકીય પૃષ્ઠભૂમિ અંગે આ વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે, અંદાજે ૨૧% ઉમેદવારો અબજોપતિ છે, તેમની પાસે રૂા.૧૦૦ કરોડથી વધુની સંપત્તિ છે. રાજ્યસભાના ઉમેદવારોની સરેરાશ સંપત્તિ રૂા.૧૨૭.૮૧ કરોડ છે. હિમાચલપ્રદેશના કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સિંઘવીની કુલ સંપત્તિ રૂા.૧૮૭૨ કરોડ, ઉત્તર પ્રદેશમાંથી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર જયા અમિતાભ બચ્ચનની સંપત્તિ સાથે. ૧૫૭૮ કરોડ અને કર્ણાટકમાંથી જનતા દળ (સેક્યુલર) નોમિની કુપેન્દ્ર રેડ્ડીની સંપત્તિ રૂા.૮૭૧ કરોડ સાથે ટોચના ત્રણ સૌથી ધનિક ઉમેદવારોમાં સામેલ છે. સૌથી ગરીબ ઉમેદવારોમાં ભાજપના મધ્યપ્રદેશના ઉમેદવાર બાલયોગી ઉમેશનાથ છે જેની સંપત્તિ રૂા.૪૭ લાખ, ભાજપના પશ્ચિમ બંગાળના ઉમેદવાર સમિક ભટ્ટાચાર્યની સંપત્તિ રૂા.૧ કરોડ અને ભાજપના ઉત્તરપ્રદેશના ઉમેદવાર સંગીતાની સંપત્તિ ૧ કરોડ છે. ADR દ્વારા વિશ્લેષણ કરાયેલ ૫૮ રાજ્યસભા ઉમેદવારોમાંથી, ૧૨ (૨૧%) અબજોપતિ છે. તેમાં ભાજપના ચાર, કોંગ્રેસ અને YSRCPના બે-બે, સમાજવાદી પાર્ટીના ત્રણ અને જનતા દળ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને શિવસેનાના એક-એકનો સમાવેશ થાય છે. ૧૭% ઉમેદવારો પાંચમા ધોરણ પાસથી લઈને XII વર્ગ સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવે છે, જ્યારે નોંધપાત્ર ૭૯% સ્નાતક અથવા ઉચ્ચ ડિગ્રી ધરાવે છે. રાજ્યસભાના એક ઉમેદવારે પોતાને માત્ર સાક્ષર હોવાનું જાહેર કર્યું છે અને અન્ય એક ઉમેદવાર ડિપ્લોમા ધારક છે. બહુમતી (૭૬%) ઉમેદવારો ૫૧-૭૦ વર્ષની વય જૂથમાં છે અને ૩૧-૫૦ વર્ષની વય જૂથમાં (૧૬%) છે. રાજ્યસભાના પાંચ ઉમેદવારો એવા છે જેમણે પોતાની ઉંમર ૭૦ વર્ષથી વધુ હોવાનું જાહેર કર્યું છે. રાજકીય વિશ્લેષકોના મતે, આ અહેવાલ રાજકારણના અપરાધીકરણ અને સંસદીય બેઠકો માટે ઉમેદવાર તરીકે તેમની પસંદગીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા ઉમેદવારોની નાણાકીય સ્થિતિ દર્શાવે છે. અલગ-અલગ રાજકીય પક્ષો દ્વારા ઊભી કરાયેલી મહિલા ઉમેદવારોની અસાધારણ સંખ્યા દર્શાવે છે કે, મહિલા અનામત બિલ પસાર થવા છતાં લિંગ સમાનતા અને રાષ્ટ્રીય જીવનમાં મહિલાઓની ભાગીદારી માટે માત્ર મોટી મોટી વાતો જ સાબિત થઈ છે.

### લોકસભાની ચૂંટણીને લઈ ભાજપ ફુલ એક્ટિવ મોડમાં કાર્યરત !

# વડાપ્રધાનની મુલાકાત બાદ લોકસભાની સીટના ઉમેદવારો માટે સેન્સ પ્રક્રિયા યુદ્ધના ધોરણે શરૂ

ગાંધીનગર, તા.૨૯ લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તારીખ ચૂંટણીપંચ હવે નજીકના સમયે જાહેર કરી દેવાય એવી શક્યતા છે, જેને પગલે તમામ રાજકીય પક્ષો ચૂંટણીની પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. રાજકીય સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે કે, ભાજપ બે વીકમાં ૧૦૦ ઉમેદવારની પ્રથમ યાદી જાહેર કરી શકે છે. ભાજપની પ્રથમ યાદીમાં વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નામ પણ સામેલ હોય એવી શક્યતા છે. ભાજપની ઉમેદવારો જાહેર કરવાની આ કવાયતને પગલે બે દિવસ બાદ પ્રદેશ ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે. આ બેઠક અગાઉ લોકસભા સીટ દીઠ સેન્સ પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે. સેન્સ પ્રક્રિયા શરૂ કર્યા પહેલા પોલિસી મેટરની ચર્ચા માટે કમલમ્ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ મહાનગરપાલિકાઓના મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, પૂર્વ મેયર સાથે પ્રદેશ ભાજપ-પ્રમુખ સામેલ થયા હતા. કમલમમાં બેઠક મળ્યા બાદ અચાનક અને ગુપચુપ સેન્સ પ્રક્રિયામાં ભાગ લેવા માટે દરેક સીટ ઉપર ત્રણ-ત્રણ નિરીક્ષકો પહોંચ્યા હતા. બપોરે ત્રણ વાગ્યાથી સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. સતત બે દિવસ સુધી પ્રક્રિયા ચાલ્યા બાદ તા.૨૮ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના નિવાસસ્થાને રાજ્ય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યોજાઈ હતી જ્યારે આજે ૨૯મીએ દિલ્હીમાં મળનારી સેન્ટ્રલ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક બાદ ગુજરાતની કેટલીક સીટોના જાહેર થઈ શકે છે. ગત ૨૫ ફેબ્રુઆરીના રોજ પીએમની ગુજરાત મુલાકાત પૂરી થઈ કે તરત જ વહેલી સવારથી વિવિધ લોકસભા બેઠકના નિરીક્ષકો દોડતા થઈ ગયા હતા. નિરીક્ષકો તરીકે પૂર્વ મંત્રી, પૂર્વ ધારાસભ્યો તથા પ્રદેશ હોદ્દેદાર અને વર્તમાન મંત્રીઓને જવાબદારી સોંપવામાં આવી છે. કોઈપણ ચૂંટણી હોય, ભાજપ હંમેશા કંઈક નવું કરી અને હરિફોને ચકમો આપે છે ત્યારે લોકસભા ચૂંટણી અગાઉ ઉમેદવારોની સેન્સ લેવા માટે પણ નવી તરકીબ અજમાવી છે. લોકસભા દીઠ સેન્સ પ્રક્રિયા હાથ ધરવા માટે નિરીક્ષકોને પણ મૌખિક સૂચના આપવામાં આવી છે. સામાન્ય રીતે ઇ-મેઈલ કે મેસેજ દ્વારા જાણ કરવામાં આવતી હોય છે પરંતુ આ વખતે ટેલિફોનિક જાણ કરવામાં આવી છે. ગુજરાતમાં બે દિવસ સુધી પ્રધાનમંત્રીની મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત પૂરી થવાના માત્ર ૧૨ જ કલાકમાં તમામ નિરીક્ષકોને લોકસભા દીઠ સેન્સ પ્રક્રિયા હાથ ધરવા સૂચના આપી દેવામાં આવી છે. આમ, એકાએક સૂચના મળવાની સાથે જ નિરીક્ષકો પણ દોડતા થઈ ગયા હતા. આ વખતે ભાજપે પહેલીવાર ઉમેદવારની સત્તાવાર જાહેરાત થઈ નથી ત્યારે ૨૬ લોકસભા મત વિસ્તારમાં મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય શરૂ કરી દીધા છે. અત્યારે કોને ટિકિટ આપવી એ મુદ્દે મનોમંથન ચાલી રહ્યું છે. સૂત્રોના મતે આ વખતે ભાજપ હાઈકમાન્ડ વર્તમાન સાંસદોમાંથી મોટાભાગના સાંસદોને રિપીટ નહીં કરે એ વાત નક્કી છે. એમાં પણ ૬૦થી વધુ વયના સાંસદોને તો ઘરભેગા જ કરાશે. લોકસભા ચૂંટણીને લઈને ભાજપ કવાયત્ ઝડપી કરી છે. ઉમેદવાર પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક માટે નિકોલની કોઠિયા હોસ્પિટલમાં સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. મંત્રી મૂળુ બેરા, ભરત બોઘરા અને સંગીતા પાટીલ સેન્સ માટે કોઠિયા હોસ્પિટલ ગયા હતા. હાલ અમદાવાદ પૂર્વમાં સાંસદ હસમુખ પટેલ છે. બે લોકસભા બેઠક ઉપર ચૂંટણી લડવા રાજ્યના પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા સક્રિય થયા છે. ખેડા અને અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક માટે પ્રદીપસિંહ જાડેજા પ્રયાસ કરી રહ્યા છે. સેન્સ પ્રક્રિયામાં વટવા વિધાનસભાના તેમના ટેકેદારો પહોંચ્યા હતા. અમદાવાદ પૂર્વ લોકસભામાં આવતી વટવા, બાપુનગર, નિકોલ, દહેગામ, ગાંધીનગર દક્ષિણ, ઠક્કરબાપાનગર અને શહેરના વિધાનસભાના ધારાસભ્યો, કોર્પોરેટરો અને શહેરના સંગઠનના હોદેદારો હાજર રહ્યા હતા. નરોડા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય બલરામ થાવાણી પૂર્વ લોકસભા બેઠક ઉપર દાવેદારી નોંધાવવા માટે પહોંચ્યા હતા તો દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડે પણ લોકસભાના ઉમેદવાર માટે દાવેદારી નોંધાવી છે. બલરામ થાવાણીએ જણાવ્યું હતું કે, હું પૂર્વ લોકસભા માટે ચોક્કસથી દાવેદારી નોંધાવવા માટે આવ્યો છું. ગત વર્ષે મને પડતો મૂકવામાં આવ્યો હતો. હવે પાર્ટી જો મને ટિકિટ આપશે તો ચોક્કસથી હું ચૂંટણી લડીશ. ભાજપે મોટાભાગના રાજ્યસભાના સાંસદોને લોકસભાની ચૂંટણી લડાવવાનું નક્કી કર્યું છે, જેના ભાગરૂપે મનસુખ માંડવિયા અને પુરુષોત્તમ રૂપાલાને લોકસભાની ચૂંટણી લડાવવાનું હાઈકમાન્ડે નક્કી કરી લીધું છે. જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ગાંધીનગર બેઠક ઉપરથી જ ચૂંટણી લડશે. આ સિવાયના અન્ય ઉમેદવારોનાં નામો દિલ્હીમાં મળનારી રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક બાદ જાહેર થાય એવી સંભાવના છે. આ વખતે ભાજપે પાંચ લાખના માર્જિનથી બેઠકો જીતીને એક નવો રેકોર્ડ બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ગત વખતે ઓછા માર્જિનથી જીતેલી બેઠકો ઉપર ભાજપ ઉમેદવારોની ઘોષણા કરે એવું જાણવા મળ્યું છે.

# જૂનાગઢમાં આવતીકાલથી ત્રિ-દિવસીય મિલેટ એક્સપોનો પ્રારંભ : ૫૦ જેટલા સ્ટોલ્સ ઉભા કરાશે

## મિલેટ એક્સપોમાં મિલેટ્સની વિવિધ લાઈવ વાનગીઓના ફુડકોર્ટ : લોકો આરોગ્યપ્રદ મિલેટ્સમાંથી બનેલ અવનવી વસ્તુઓનો સ્વાદ માણી શકશે

## લોકો હાથ બનાવટની જુદી જુદી કલાત્મક ચીજ વસ્તુઓ, ઈમીટેશન, આયુર્વેદિક સહિતની પ્રોડક્ટસ નિહાળવાની સાથે ખરીદી કરવાની પણ તક

જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢનાં આંગણે આવતીકાલ તા.૧લી માર્ચથી ત્રિ-દિવસીય મિલેટ એક્સપોનો પ્રારંભ થશે. આ એક્સપોમાં ૫૦ જેટલા સ્ટોલ્સના માધ્યમથી ઉભા કરવામા આવશે. જેમાં મિલેટની વિવિધ વાનગીઓના પ્રદર્શનની સાથે વેચાણ કરવામાં આવશે. સાથે જ મિલેટ્સમાંથી બનેલ વાનગી-વસ્તુઓનો સ્વાદ પણ માણી શકશો. આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં આવ્યું છે.

સ્વાદની લ્હાયમાં આપણા મૂળ અન્ન છે તે વિસરાયા છે, પરિણામે લોકોનું આરોગ્ય પણ જોખમાયું છે. ત્યારે આરોગ્યપ્રદ એવા મિલેટ એટલે હલકુ ધાન્ય(શ્રી અન્ન), જેમા બાજરો, જુવાર, રાગી, બાવટો, કોદરો વગેરે બરછટ ધાન્યનો સમાવેશ થાય છે. હાલ જંક-ફાસ્ટફુડ ખોરાકમાં સામેલ થવાથી ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ તેમજ કેન્સર જેવી અસાધ્ય ગંભીર બીમારીઓનું પ્રમાણ વધ્યું છે. ત્યારે સ્વાસ્થ્ય અને તંદુરસ્તીની જાળવણી માટે મિલેટ્સ ઉત્તમ ધાન્ય છે. આ મિલેટ્સ(શ્રી અન્ન)નો આહારમાં વધુ ઉપયોગ થાય અને માનવ તંદુરસ્ત રહે તેવા આશયથી લોક જાગૃતી માટે ગુજરાત સરકારશ્રીના કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા મિલેટ્સને પ્રોત્સાહન આપવા માટે મિલેટ એક્સપો-૨૦૨૪નું બહાઉદ્દીન કોલેજ ગ્રાઉન્ડ ખાતે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આ સાથે સાંજે ૮ થી ૯ કલાક ભવ્ય સાંસ્કૃતિ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. આ એક્સપોની લોકો તા.૧,૨ અને ૩ માર્ચ બપોરે ૪ કલાકથી રાત્રિના ૧૦ કલાક સુધી મુલાકાત લઈ શકશે. આ એક્સપોમાં મિલેટ્સની વિવિધ લાઈવ વાનગીઓના ફુડકોર્ટ અને પ્રદર્શન સ્ટોલ તેમજ વિષય નિષ્ણાંતો દ્વારા મિલેટ્સનું આહારમાં મહત્વ અંગેના માર્ગદર્શન આપતા સ્ટોલ પણ હશે. ઉપરાંત મિલેટ્સની ન્યુટ્રીશન વેલ્યુ એટલે આરોગ્યની દ્રષ્ટિએ થતા ફાયદાઓ લોકો જાણી શકશે. ઉપરાંત મિનિટ પાકોની જાતોનું નિદર્શન અને તેની ખેતી પદ્ધતિ કૃષિ સાહિત્ય વેચાણ અને મૂલ્ય વર્ધન વિશેની જાણકારી પણ મળી રહેશે.

આ મિલેટ એકસપોમાં પ્રાકૃતિક ખેતી પેદાશોનું પણ નિદર્શન કરવામાં આવશે. આ સાથે ગ્રામ્ય કારીગરોએ માટીકામથી તૈયાર કરેલી વસ્તુઓ નિહાળી શકવાની સાથે ખરીદી પણ કરી શકાશે. ઉપરાંત હાથ બનાવટની જુદી જુદી કલાત્મક ચીજ વસ્તુઓ, ઈમીટેશનની અવનવી વસ્તુઓ, આયુર્વેદિક પ્રોડક્ટસ વગેરેનું એક્સપોમાં નિદર્શન સાથે વેચાણ કરવામાં આવશે. આ એક્સપોમાં લોકોને ખેતીવાડી સહિતની વિવિધ યોજનાઓની પણ જાણકારી મળી રહેશે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મિલેટ્સ યર ઉજવી રહ્યું છે. જેથી મીલેટ્સ દ્વારા આરોગ્યને થતા ફાયદાઓ લોકો સુધી પહોંચી શકે.

# જૂનાગઢ ગ્રામ્ય, માણાવદર અને વંથલી તાલુકાનો સંયુક્ત રીતે સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા. ૨૯

સમગ્ર શિક્ષા ગાંધીનગર અને એલીમકોના સંયુક્ત ઉપક્રમે બીઆરસી જુનાગઢ ગ્રામ્ય ખાતે જુનાગઢ શહેર, જુનાગઢ ગ્રામ્ય, માણાવદર અને વંથલી તાલુકાનો સંયુક્ત રીતે સાધન સહાય વિતરણ અને સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવે જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી લતાબેન ઉપાધ્યાય હાજર રહી કાર્યક્રમને દિપાવેલ દિવ્યાંગ બાળકો દ્વારા આવેલ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ તેમજ શાબ્દિક સ્વાગત પણ કરવામાં આવેલ. આ કેમ્પમાં અંદાજે કુલ ૩૦૦ જેવા બાળકોએ સાધન સહાય અને એસેસમેન્ટમાં ભાગ લીધેલ જેમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ એલીમકો સંસ્થા દ્વારા ટ્રાયસિકલ, વ્હીલચેર, સીપી ચેર, શ્રાવણક્ષતિ ધરાવતા બાળકો માટે સાંભળવાના મશીન માટેનું એસેસમેન્ટ કરવામાં આવેલ.ગત વર્ષે થયેલ એસેસમેન્ટ કેમ્પના જે સાધનો આવેલ તેવા બાળકોને સાધનોનું વિતરણ કરવામાં આવેલ. સંપૂર્ણ કાર્યક્રમ જિલ્લા આઈ.ઈ.ડી. કો - ઓર્ડીનેટર શ્રી જી. ડી.પંડ્યાનાં માર્ગદર્શનથી સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા ખૂબ સુંદર રીતે આયોજન કરી સફળ બનાવેલ એવું જીજ્ઞેશ મહેતાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

(તસ્વીરઃ ધર્મેશ ખાચર)

# રાજકોટમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની શાનદાર ઉજવણી સંપન્ન

## વિજેતાઓને મેડલ – પ્રમાણપત્ર અપાયા, ન્યૂ પરિમલ સ્કૂલને અભિનંદન વર્ષા



અમદાવાદ તા.૨૯

રાજયમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની શાનદાર ઉજવણીમાં વિજ્ઞાન રેલી, ચમત્કારોથી ચેતો કાર્યક્રમ, વિવિધ સ્પર્ધાઓ સાથે સંપન્ન થઈ હતી. ભારત જન વિજ્ઞાન જાથાના રાજયવ્યાપી કાર્યક્રમોને સફળતા મળી હતી. અંધશ્રદ્ધાને લોકભાગીદારીથી દેશવટો આપવા સાથે વિજ્ઞાન અભિગમથી રાષ્ટ્રની પ્રગતિ થવાની છે તેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

રાજયકક્ષાના કાર્યક્રમનું ઉદઘાટન રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા, દંડક મનીષભાઈ રાડીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ પ્રવિણાબેન રંગાણી, ચંદ્રકાંતભાઈ મંડિરની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીવાએ રેલીને વિદાય આપતા જણાવ્યું કે અંધશ્રદ્ધાને લોકભાગીદારીથી દેશવટો આપવાની તાતી જરૂરીયાત છે. વિજ્ઞાનથી માનવ જાત સુખી સંપન્ન થયો છે. ચમત્કારપ્રિય માનસિકતાને તિલાંજલિ આપવાની જરૂર છે. જાથાની પ્રવૃત્તિની ભારોભાર પ્રશંસા કરવામાં આવી હતી.

મુખ્ય મહેમાન જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ પ્રવિણાબેન રંગાણીએ વિજેતાઓને મેડલ આપતા જણાવ્યું કે વિજ્ઞાન અભિગમથી રાષ્ટ્રની પ્રગતિ થશે. અંધશ્રદ્ધાથી માનવજાતને નુકશાન થયું છે. ભાવિ પેઢીને પુરૂષાર્થ, વાસ્તવિકતા, વિજ્ઞાનલક્ષી દ્રષ્ટિકોણ લાભપ્રદ છે. જાથા વર્ષોથી કામગીરી કરે છે તેથી લોકચાહના છે.

મહાનગરપાલિકાના દંડક મનીષભાઈ રાડીયાએ જાથા સાથેના જુના સંસ્મરણો વાગોળ્યા હતા. અંધશ્રદ્ધા સામે જાથા બેનમુન કામગીરી કરે છે. માનવ ધર્મ - રાષ્ટ્ર ધર્મની વાત કરી હતી. આજે દેશભરમાં વિજ્ઞાન દિનની ઉજવણી થઈ રહી છે તે ભાવિ પેઢી માટે લાભકારક છે.

જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે આજે રાજયના જિલ્લા, તાલુકા, શાળાઓમાં વિજ્ઞાન દિનની ઉજવણીમાં સફળતા મળી છે તેના કારણમાં જાથાનું લોકહૃદયમાં સ્થાન છે. રાજકોટમાં વિજ્ઞાન રેલીએ જબરૂ આકર્ષણ ઉભું કર્યુ હતું. માર્ગો ઉપર વિજ્ઞાન આવે અંધશ્રદ્ધા ભાગે, ભુવા ભાગેના સુત્રોએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. ન્યૂ પરિમલ સ્કૂલમાં સંચાલક, શૈક્ષણિક સ્ટાફના ઉત્સાહના કારણે આયોજનોને સફળતા મળી હતી.

વધુમાં પંડયાએ ડૉ. સી. વી. રામનની ઈફેકટ, પ્રભાવ શોધની વાત કરી છાત્ર-છાત્રાઓને પ્રોત્સાહિત કરી નવા સંશોધનના માર્ગની વાત કરી હતી. વિજ્ઞાનમાં કોઈપણ ઘટના પાછળ વિજ્ઞાનનો ક્રિયા-કારણનો સંબંધ, પ્રયોગસિદ્ધ, તર્કબદ્ધ, સાર્વત્રિક નિયમ બાબતે જાણકારી આપવામાં આવી હતી. વિજ્ઞાનમાં જો અને તો ને સ્થાન નથી. જાથા બોલે છે તે પ્રમાણે આચરણ હોય લોકોમાં વિશ્વાસ ઉભો થયો છે. જાથા સામેના આક્ષેપો બેબુનિયાદ સાબિત થયા છે. જાથાની તટસ્થતા બાબતે કોઈ શંકા કરતું નથી. આજે જિલ્લા, તાલુકા મથકે સ્પર્ધાઓમાં પ્રાથમિકથી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વૈજ્ઞાનિક મિજાજ કેળવવાના કાર્યક્રમોએ લોકચાહના મેળવી હતી.

શાળાના ટ્રસ્ટી ચંદ્રકાન્તભાઈ મંડિર, તેની ટીમનું જાથાએ સન્માન કર્યું હતું. મંડિર પરિવાર શિક્ષણ સાથે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિમાં બહાર લાવવા માટે કટિબદ્ધ હોય છે. આ શાળાના કાર્યક્રમોથી વાલી, શિક્ષણપ્રેમીઓમાં હુંકનું વાતાવરણ ઉભું થાય છે. આચાર્યાં અલ્પાબેન, બ્રીજેશભાઈ મંડિરે શાળાનો પરિચય આપી આગામી વિજ્ઞાન મેળાની માહિતી આપી હતી. છાત્ર-છાત્રાઓની નવી સંશોધન વૃત્તિને તક આપવામાં આવી છે. વિજ્ઞાન પ્રદર્શનથી શાળાના બાળકો, છાત્રો, વાલીને લાભ થશે. વિજ્ઞાન પ્રત્યેની રૂચિથી લોકોને અભિમુખ કરવામાં આવશે.વિજ્ઞાન રેલીમાં ન્યૂ પરિમલ સ્કૂલના છાત્ર-છાત્રાઓ, શિક્ષક ભાઈ-બહેનો ઉપરાંત જાથાના અંકલેશ ગોહિલ, નિર્ભવ જોશી, રોમિત રાજદેવ, ભાનુબેન ગોહિલ સહીત જાગૃતોએ મશાલ સરઘસ, વિજ્ઞાન સુત્રો, બેનર સાથે આગેવાની લીધી હતી. શાળાના વિદ્વાન શિક્ષક રમેશભાઈ વ્યાસે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. માર્ગો ઉપર માઈક ઉપર વિજ્ઞાન સુત્રો બોલાવી છાત્ર-છાત્રાઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના સંચાલકો અલ્પાબેન, બ્રિજેશભાઈ મંડિર અને ચંદ્રકાંતભાઈ મંડિરે સ્પર્ધાઓ, વિજ્ઞાન રેલીનું સફળ સંચાલન કરી સફળતા પ્રાપ્ત કરી હતી.

રાજયભરમાં જિલ્લા-તાલુકા મથકે વિજ્ઞાનની વિવિધ સ્પર્ધાઓ, અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમો સાથે વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગામેગામ જાગૃતો જોડાયા હતા. રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અગ્નિવીર આર્મી ભરતી રેલીની પસંદગી કસોટી માટે ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

## ભારતીય લશ્કરમાં ઉજ્જવળ અને ગૌરવશીલ કારકિર્દી બનાવવા માંગતા યુવાનોએ તા. ૨૨ માર્ચ સુધીમાં અરજી કરવી

જૂનાગઢ,તા. ૨૯

ભારતીય લશ્કરમાં ઉજ્જવળ અને ગૌરવશીલ કારકિર્દી બનાવવા માંગતા યુવાનો માટે જામનગર આર્મી ભરતી કાર્યાલય દ્વારા અગ્નીવીર આર્મી ભરતી રેલી (૨૦૨૪-૨૦૨૫) ની પસંદગી કસોટી માટે ઓનલાઈન ફોર્મ ભરવા બાબતે આયોજન કરવામાં આવેલ છે. આ લશ્કરી ભરતી મેળામાં અગ્નીવીર જનરલ ડ્યુટી, અગ્નીવીર ટ્રેડમેન (૮ પાસ તથા ૧૦ પાસ) તેમજ અગ્નીવીર ઓફિસ આસીસ્ટન્ટ/સ્ટોર કીપર ટેકનીકલની કક્ષા પર ભરતી યોજાવાની છે. આ ભરતી રેલીમાં ભાગ લેવા માટે ફક્ત અપરણિત પુરુષ ઉમેદવાર પાસેથી http://www.joinindianarmy.nic.in વેબસાઈટ પર તા. ૨૨/૦૩/૨૦૨૪ સુધી ઓનલાઈન અરજી મંગાવવામાં આવેલ છે.જેમાં ઓનલાઈન કોમ્પ્યુટર લેખિત પરીક્ષા(ONLINE CEE) પ્રથમ આપવાની રેહશે. જાહેરાત માટેની વધુ વિગતો http://www.joinindian army.nic.in વેબસાઈટ પર જોઈ શકાશે. આ ઉપરાંત વધુ માહિતી માટે આર્મી ભરતી કાર્યાલય જામનગર (૦૨૮૮) ૨૫૫૦૭૩૪, ૮૮૬૬૯-૭૬૧૭૭ અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરીના હેલ્પલાઈન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પર સંપર્ક કરવાં આથી જાણ કરવામાં આવે છે.

# વેરાવળ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા પ્રાઈવેટ પ્રેક્ટિશનર્સ માટે એન.ટી.ઈ.પી સેમિનાર યોજાયો

## જિલ્લાને ટીબી મુક્ત બનાવવા પ્રાઈવેટ પ્રેક્ટિશનર્સનો સહયોગ અનિવાર્ય : ડૉ.શિતલ રામ



ગીર સોમનાથ, તા.૨૯

ડિસ્ટ્રિક્ટ ટીબી સેન્ટર ગીર સોમનાથ દ્વારા નેશનલ ટ્યૂબરક્યુલોસિસ એલિમિનેશન પ્રોગ્રામ (એન.ટી.ઈ.પી) અંતર્ગત હોટલ દક્ષ ખાતે આઈએમએ-સીએમઈ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ટીબી નાબૂદી તેમજ પાણીજન્ય રોગચાળો પ્રસરાતો અટકાવવા પી અને એલ ફોર્મ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ટીબી નિર્મૂલન અંગે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ડૉક્ટર્સને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતાં.

આ સેમિનારમાં 'ટીબી મુક્ત ભારત'ના લક્ષ્યને કેન્દ્રમાં રાખતાં વર્ષ ૨૦૧૭-૨૦૨૫ સુધીમાં ટીબી નાબૂદી અંગે નેશનલ સ્ટ્રેટેજિક પ્લાન, ટીબીના છૂપા કેસ શોધવા, ટીબી ડાયગ્નોસ્ટિક ટૂલ, કોમ્યુનિટીમાં ટીબીના કેસની ઓળખ, ટીબીના લક્ષણો, ડેથ રેશિયો ઘટાડવા, ટીબીની સારવારમાં અદ્યતન ટેક્નોલોજી તેમજ દવાઓના ઉપયોગ વિશે તેમજ રોગચાળો અટકાવવાના ઉપાયો વિશે તજજ્ઞોએ માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લાને ટીબી મુક્ત બનાવવા પ્રાઈવેટ પ્રેક્ટિશનર્સનો સહયોગ અનિવાર્ય છે એવું ડૉ શિતલ રામે જણાવ્યું હતું.

આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં ટીબીને વધુ પ્રસરતો રોકવા અંગે 'શોધો, સારવાર કરો, રોકો'ના સૂત્રને અનુસરવા તેમજ ટીબીના દર્દી મળી આવે તો તેને નજીકના સારવાર કેન્દ્રમાં વિનામૂલ્યે સારવાર આપી વધુ ટીબી ન ફેલાય તે અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તકે, જૂનાગઢ એમ.ઓ.ડી.ટી.સી ડો.કૌશલ નિમાવત, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.બરૂઆ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એ.એસ.રોય, સિવિલ સુપ્રિટેન્ડન્ટ શ્રી જિજ્ઞેશ પરમાર, આર.એમ.ઓ શ્રી નારિયા, આઈએમએ પ્રેસિડન્ટ ડો.રવિ શામળા, ડો.દિલિપ ચોચા સહિત ગીર સોમનાથ જિલ્લાના ડોક્ટર્સ, પ્રાઈવેટ પ્રેક્ટિશનર્સ, લેબ ટેક્નિશિયન્સ ઉપસ્થિત રહ્યાં હતા.

# કે.એલ રાહુલ સારવાર માટે ઈંગ્લેન્ડમાં, પાંચમી ટેસ્ટ ગુમાવશે

નવી દિલ્હી, તા.૨૯ :ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચમાં ઈજાગ્રસ્ત થયેલો કે.એલ રાહુલ ધર્મશાલામાં રમાનાર છેલ્લી ટેસ્ટમાંથી પણ બહાર થઈ શકે છે. અહેવાલો અનુસાર કે.એલ રાહુલ તેની ઈજાની સારવાર માટે ઈંગ્લેન્ડ ગયો છે, જેના કારણે તેના માટે સીરિઝની પાંચમી અને છેલ્લી ટેસ્ટમાં રમવું મુશ્કેલ છે. જણાવી દઈએ રાહુલ હૈદરાબાદ ટેસ્ટ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો, ત્યારબાદ તે વિશાખાપટ્ટનમ, રાજકોટ અને રાંચી ટેસ્ટમાં રમ્યો ન હતો. હવે ધર્મશાળામાં પણ તેના રમવા પર સસ્પેન્સ છે. કે.એલ રાહુલના જમણા ક્વાડ્રિસેપ્સમાં દુખાવો છે, જેના માટે તેણે ગયા વર્ષે સર્જરી કરાવી હતી. ટીમમાં તેના મહત્વ અને ટીમ માટે તેની બેવડી ભૂમિકાને ધ્યાનમાં રાખીને બીસીસીઆઈ, પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટ તેની સાથે કોઈ જોખમ લેવા તૈયાર નથી. આ જ કારણ છે કે ધર્મશાલામાં રમાનારી પાંચમી ટેસ્ટ મેચ માટે કે.એલ રાહુલની ઉપલબ્ધતા હજુ સ્પષ્ટ નથી.

# જૂનાગઢ એસબીઆઈ આરસેટીના ૭૦ તાલીમાર્થી બહેનોને સર્ટિફિકેટ એનાયત કરાયા




જૂનાગઢ,તા.૨૯

એસબીઆઈ આરસેટી જૂનાગઢ ખાતે જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના યુવતીઓ અને યુવાઓ આત્મનિર્ભર બની સ્વરોજગાર મેળવી શકે તે હેતુથી વિવિધ તાલીમો આપવામાં આવી રહી છે. જે અંતર્ગત તા.૨૯ જાન્યુઆરીથી ૨૭ ફેબ્રુઆરી એક માસના સમયગાળા દરમ્યાન બ્યુટીપાર્લર અને સીવણકામના કોર્સની જૂનાગઢ અને ગીર-સોમનાથની તાલીમ આપવામાં આવી હતી. જે તાલીમ પૂર્ણ થતાં તાલીમ લીધેલ ૭૦ બહેનોને આરસેટી ભવન ખાતે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યકર્મમાં લીડ બૅંક મેનેજર શ્રીગણપતભાઈ રાઠવા, ભાવનાબેન દાસા – તાલુકા પંચાયત વિસાવદર ,આરસેટી ડાઈરેક્ટર શ્રી પ્રશાંત ગોહેલ તથા આરસેટી સ્ટાફ અને ટ્રેઈનર સહિતના હસ્તે તાલીમાર્થી બહેનોને સર્ટિફિકેટ વિતરણ કરાયા હતા.

# શું સેટેલાઈટ ફોન નાંઅત્યાધુનિક સંદેશા વ્યવહારે વિશ્વનાં ડ્રગ્સમાફિયાઓને માટે ભારત-પાક આઈ.બી.એલ ને પોતાનું હબ બનાવવાની સુવિધા આપેલછે !!??




(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા તા.૨૯

બે દિવસ પહેલા એન.સી.બી.-એ.ટી.એસ.ને.વી. ને મળેલ ઈનપુટ નાં આધારેસૌરાષ્ટ્ર નાં કોઈક બંદરે ડ્રગ્સ નાં મોટા જથ્થા ને લેન્ડીંગ કરવામાં આવનાર છે તેવી માહિતી નાં આધારે સતર્ક બનેલ એજેન્સીઝો દ્વારા પોરબંદર નજીક નાં સમુદ્ર માં ભેદી હિલચાલ કરતી શંકાસ્પદ એક અત્યાધુનિક સ્પીડ બોટ અન્ય બોટો વચ્ચે છુપાતી ફરતી હોવાનું ધ્યાન માં આવતા તેમના દ્વારા બોટ ને લોકેટ કરી ચારે બાજુ થી પોતાની સ્પીડ બોટો દ્વારા ઘેરી લેતા અને છટકવાનો કે ભાગવાનો મોકો ના આપી પોરબંદર નજીક પકડી પાડી તેની તલાશી લેતા તેમાંથી પાંચ ઈરાની ખાલાશીઓ કોઈપણ જાતના આધાર પુરાવા વગર નાં જણાતા અને તેમની પાસે સેટેલાઈટ ફોન અને ગ્રોસરી નાં બજારુ સામાન જેમ પ્લાસ્ટિક નાં કોથાલાઓ નો મોટો જથ્થો મળી આવતા સાધન તપાસ હાથ ધરતા તેમાં ડ્રગ્સ નો જથ્થો હોવાનું જણાતા તાત્કાલિક બોટ કબજે કરી પોરબંદર બંદરે લાવી મળી આવેલ કોથળા માં ભરેલો સામાન શું છે તેની તપાસ હાથ ધરતા તેમાંથી અલગ અલગ ત્રણ બ્રાન્ડ નો ડ્રગ્સ નો જથ્થો જેમાં ૨૯૫૦ કિલો ચરસ-અ૬૦ કિલો એમ.ડી. (મેથામ્ફાઈન) અને ૨૫ કિલો મોર્ફીન નો જથ્થો મળી કુલ્લ ૩,૧૩૫ કિલો ડ્રગ્સ નો આશરેરૂપિયા ૨,૦૦૦.૦૦ (બે હજાર કરોડ) નો જણાતો જથ્થો પકડી પાડી સુંદર કામગીરી બજાવેલ છે જે ધન્યવાદ ને પાત્ર છે આ જથ્થો સૌરાષ્ટ્ર નાં સમુદ્ર માં વાયા ભારત-પાક ની જળસીમા ઓળંગી સૌરાષ્ટ્ર નાં કોઈક બંદરે આ ડ્રગ્સ નાં મોટા જથ્થા ને લેન્ડીંગ કરવા માટે લોડ આવ્યો છે કે અહીં થી પણ અન્ય નાની બોટો માં ટ્રાન્ઝીટ કરી હાલ નાં હોમ ડીલવરી નાં જમાના મુજબ બંદર સુધી ની ડીલવરી કરવા માટે લોડ કરવામાં આવ્યો હતો તે હવે આવનારા દિવસો માં બહાર આવશે.

હકીકત માં હાલ વિશ્વ રશિયા-યુક્રેઈનઅને ઈઝરાઈલ-હમાસ વચ્ચે નાં યુધ્ધમાં પડ્યું છે ત્યારે આ યુધ્ધ માં છેલ્લા ત્રણ મહિનાથી ભારતીય નેવી અરબ સાગર-ગલ્ફ ઓફ ઓમાન-ગલ્ફ ઓફ યમન અને રેડ-સી માં પોતાની સુંદર ફરજ બજાવી રહ્યું હોય તેની વ્યસ્તતા ને ધ્યાને લઈ આંતરરાષ્ટ્રીયડ્રગ્સ માફિયા સિન્ડીકેટે સૌ પ્રથમ વખત આ પ્રયાસ કર્યા નું અથવા થોડા સમય પહેલા દેશ માં ડ્રગ્સ ના કન્ટેનર દ્વારા હેરાફેરી નાં કેન્દ્ર બનેલા સૌરાષ્ટ્ર નાં બંદર પર આ કામગીરી બંધ થતા હવે આ ટોળકી દ્વારા બહુ મોટું સાહસ કરી આટલો મોટો જથ્થો એક સાથે ડમ્પિંગ કરવા માટે લોડ કર્યા નીશક્યતા પણ નકારી શકાતી નથી. પરંતુ આ ઘટના આટલો સ્પષ્ટ સંકેત આપે છે કે કચ્છ નો અખાત અને ભારત-પાક ની ઈન્ટરનેશનલ બાઉન્ડ્રી લાઈન હજુ પણ અંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયા સીન્ડીકેટ માટે ડ્રગ્સ ની હેરફેરી કરવા માટે નો હોટ ફેવરીટ વિસ્તારહતો અને હાલ પણ છે જે પણ એક સનાતન સત્ય હકીકત છે.

દેશ અને રાજ્ય માં સૌ પ્રથમ વખત હાથ લાગ્યા ત્રણ અલગ બ્રાન્ડ નાં ડ્રગ્સ - ત્રણ ટન વજન નો જથ્થો -બે હજાર કરોડ રૂપિયાનીકીમત-ઈરાની બોટ-ઈરાની ખલાશીઓ અને ડ્રગ્સ પેન્ડલરો નાં આકાઓ સાથે નાં સંપર્ક કર્યા નાં સેટેલાઈટ ફોનમળ્યા તે શુંસત્ય બહારલાવશે !?

દેશનાં આઝાદી પછી ના ઈતિહાસ માં સૌ પ્રથમ વખત એક સાથે બે હજાર કરોડથી વધુ ની કીમત ધરાવતોદાણચોરી નાં સોના-ચાંદી નો જથ્થો ક્યારેય પકડાયેલ નથી ત્યારે પોરબંદરપાસે થી બે દિવસ પહેલા પકડાયેલ ત્રણ અલગ અલગ બ્રાન્ડ- ત્રણ ટન વજન નો જથ્થો -બે હજાર કરોડ રૂપિયાની કીમતનાં ડ્રગ્સ નાં જથ્થા એ દેશ અને વિશ્વ ને ચોંકાવી નાખ્યું છે અને સમગ્ર વિશ્વ ને વિશ્વ નાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયા સીન્ડીકેટ પોતાની શક્તિ નો પરિચય કરાવાનો પ્રયાસ કર્યા સામે દેશ ની સુરક્ષા એજેન્સીઝે પણવિશ્વ ને પોતાની તાકાત નો પરિચય આપ્યો છે. અહીં મોટા માં મોટો પ્રશ્ન આ ગુન્હા નાં પકડાયેલ ગુન્હેગારો અને ઈન્ટરનેશનલ ડ્રગ્સ માફિયા સીન્ડીકેટ વચ્ચે ના સંપર્ક સૂત્ર માટે નાં એક સૂત્રતેવા સેટેલાઈટ ફોન નો ઉપયોગ કરવાની તેમની મોડ ઓપરેન્ડી તેમને આ ગુન્હા માંથી પકડતા બચાવશે તેવી શકયતા જાણકારો માં ચર્ચાઈ રહેલ છે અને આ ઓપરેન્ડી નાં કારણે જ આજ દિવસ સુધી ફક્ત સૌરાષ્ટ્ર માંથી અવાર-નવાર પકડાતા કરોડો રૂપિયા નાં ડ્રગ્સ માં હજુ આજ દિવસ સુધી કોઈપણ એક આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયા નું સાચું નામ-સરનામું કે દેશ નું નામ બહાર આવતું નથી ફક્ત પાકિસ્તાન-ઈરાન ની બોટ-ખાલાશીઓ—લેન્ડીંગ પોઈન્ટ માં ઈરાન પાસે નું ગ્વાદર પોર્ટ-કોઈપણ એક ચોક્કસ કોમ ની વ્યક્તિ નું નામ સાથેનાં ગુન્હા ની એફ.આર.આઈ.નોંધાય છે.

**ઇન્ટરનેશનલ મેરી ટાઈમ ઝોન ની રચના અને સેટેલાઈટ ફોન નાં આગમને ઇન્ટરનેશનલ માફિયા સીન્ડીકેટ ને વિશ્વ માં સમુદ્રી રસ્તે પોતાની પ્રવૃત્તિ વિસ્તારવાની તકો ખોલી**

વર્ષ ૧૯૭૨ નાં ઈન્ટરનેશનલ મેરી ટાઈમ ઝોન નાં નિયમો અને વિશ્વ માં સંદેશા વ્યવહાર માં ઈન્ટરનેટનાં પ્રવેશે ઈન્ટરનેશનલ માફિયા સીન્ડીકેટ ને વિશ્વ નાં કોઈપણ દેશ માં સમુદ્રી રસ્તે પોતાનો બિન અધિકૃત માલ આસાની થી જે તે દેશ નાં સ્થાનિક સ્લીપર સેલ ની મદદ થી પહોંચાડવાની સગવડ અને પોતાની ઓળખ છુપાવાવાની સગવડ કરી આપી. જે મુજબ બીજા વિશ્વ યુધ્ધ બાદ થી બ્રિટીશ હકુમત થી આઝાદ થઈ રહેલા દેશો પોતાની ઓળખ અને આઝાદી ને જાળવી રાખવા અને વિશ્વ નાં અન્ય દેશો સાથે જોડાયેલ રહેવા અને એક બીજા ને મદદરૂપ થવા નાં આશય સાથે અલગ-અલગ વૈશ્વિક સંગંઠન બનાવવા લાગ્યા અને વિશ્વ નાં દેશો તેમાં જોડાવા લાગ્યા જે અંતર ગત યુંનાઈતેદ નેશન દ્વારા જળ સરહદીય વિસ્તાર નાં એક બીજા નાં દેશો નાં પ્રશ્નો ઉક્કેલવા માટે વર્ષ ૧૯૭૨ માં ઈન્ટરનેશનલ મેરી ટાઈમ ઝોન વિસ્તારો ની રચના કરી વિશ્વ વહાણવટા ને પ્રોતસાહન આપવા અને વિશ્વ કક્ષા એ માલ સામાન ની હેરફેર માટે વિશ્વ નાં કોઈપણ દેશ નાં સમુદ્ર કિનારા નાં (LTL) મતલબ લો ટાઈડ વોટર લેવલથી ૧૨ નોટીકલ માઈલ સુધીના જ વિસ્તાર ને જે તે દેશ નાં સમુદ્ર ની જળસીમા ગણી બાકીના વિસ્તાર ઈન્ટરનેશનલ પાણી જાહેર કરી વિશ્વ નાં કોઈપણ સમુદ્રી વાહન ને આવર-જવર કરાવા માટે મંજુરી આપવામાં આવતા ઈન્ટરનેશનલ જીવનજરૂરીયાત ના માલ સામાન સાથે બિન અધિકૃત માલ હેરાફેરી માટે નાં તેમના સમુદ્રી વાહન ને અવર જવર કરવા નાં ઉપયોગ માં લેવાનું ચાલુ કરતા વિશ્વ માં ઈન્ટરનેશનલ માફિયા સીન્ડીકેટ નો જન્મ થવા સાથે વિશ્વ માં જે તે દેશ માં પ્રતિબંધિત માલ સામાન ની દાણચોરી નો મોટો આંતરરાષ્ટ્રીય વ્યાપાર ચાલુ થયો.

અહીં શરૂઆત બેનામી આંતરારાષ્ટ્રીય માફિયા ને પોતાની ઓળખ છુપાવી પોતાના બિન






અધિકૃત માલ ને જયાં ત્યાં પહોંચાડવા માટે પોતાના અંગતમાણસ ને જે તે સમુદ્રી વાહન માં સાથે રાખવો પડતો અને માલ ની ડીલવરી માટે નાં પણ નિશ્ચિત કોડવર્ડ રાખવા પડતા હતા અને તેમાં કુદરતી વાતાવરણ ની અસર ના કારણે કોઈ નિશ્ચિત સમય માલની આપ લે માટે નક્કી નાં હોય જે તે દેશ ની સુરક્ષા એજેન્સીઝ નાં પકડાઈ જવાના ભય નાં ઓથાર વચ્ચે આ માફિયા સીન્ડીકેટ પોતાનો ધંધો ચલાવતી હતી. પણ સંદેશા વ્યવહાર નાં આધુનિક જી.પી.એસ.-વર્ડ વાઈડ ઈન્ટરનેટ અને ત્યાર બાદ નાં વર્ચ્યુઅલાઈઝ પ્રાઈવેટ નેટવર્ક આધારીત સેતેલાઈટ ફોન નાં અત્યાધુનિક ડિવાઈસીસ નાં આધુનિકરણને કારણે ઈન્ટરનેશનલ માફિયા સીન્ડીકેટ ને તો તે કારણે પોતાના ઈન્ટરનેટ નાં વર્ડ વાઈડ નેટવર્ક ની માફક વર્ડ વાઈડ ક્રાઈમ નેટવર્ક ચાલુ કરવાની સુવિધા ઉપલબ્ધ થઈ. જ્યારે બીજી બાજુ આજ ઈન્ટરનેશનલ માફિયા પોતાની કરોડો રૂપિયા ની બિન અધિકૃત આવકની રકમ વિશ્વ નાં જે તે ગરીબ દેશો માં પોતાના રાજા બનાવી-નેતા બનાવી તેમણે અનુકુળતા પડે તે પ્રમાણે નાં કાયદા બનાવી વિશ્વ નાં અન્ય વિકાસશીલ રાષ્ટ્રો નાં કાયદા થી રક્ષિત રહેવાના કાયદાઓ આવા દેશો મા બનાવી પોતાનો આજ બિન અધિકૃત અને સમાજ દ્રોહી-રાષ્ટ્રદ્રોહી-આર્થિક ગુન્હાઓ નો ધંધો આવા પોતાના દ્વારા આરૂઢ કરાયેલ રાજા નેતાઓ નાં દેશોની સિટીઝન્સ શીપ મેળવી વિશ્વ માં વિશ્વનીય મોબાઈલ ફોન માં જેમ આઈ ફોન ની એક અલગ ઓળખ અને સિક્યુરીટી છે તેવી સિક્યુરીટી ધરાવતા જી,પી,એસ, બેઈઝ્ડ "થુરાયા" કંપની નાં સેટેલાઈટફોન દ્વારા સમગ્ર વિશ્વ માં ગમે ત્યાંથી પોતાનો બિન અધિકૃત વ્યવસાય ચલાવે છે અને દુનિયા ની સુરક્ષા એજેન્સીઝ નાં હાથમાં આવતા નથી તેમ અહીં પણ પ્રથમ વખત પકડાયેલ આવડા મોટા ડ્રગ્સ નાં જથ્થા ની તપાસ અગાઉ નાં અન્ય આજ પ્રકાર નાં ગુન્હાઓ ની માફક છેલ્લે ફાઈલ બંધ કરી લોખંડી પડદો પડી જશે અને થોડા સમય ની શાંતિ બાદ ફરી ને આ ચક્કર અગાઉ ની માફક ચાલુ થવાની શક્યતા નકારી શકાતી નથી.

# કેશોદ એરપોર્ટ જમીન સંપાદન મુદ્દે ફાગડી ગામ લોકોએ ગ્રામસભા સભા બોલાવી સરકારની કાર્યવાહીનો વિરોધ કર્યો





(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૯

કેશોદ એરપોર્ટને વિકસીત કરવા એરપોર્ટ ઓથોરિટી દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કાર્યવાહીમાં ડે. કલેકટર સહિત જિલ્લા તંત્ર કામે લાગ્યું છે ત્યારે ફાગડી ગ્રામજનો સરકારી કાર્યવાહી શંકા કરી ગામ લોકોને સમસ્યા વગર એક તરફી કાર્યવાહી કરવામાં આવતી હોય વિરોધ નોંધાવ્યો હતાં. તે માટે ગ્રામજનોએ ગ્રામસભા યોજી હતી. જેમાં ફાગડી ગામના એક દીશા તરફના મકાનો, રોડ રસ્તાંઓ, પાણીની સુવિધાઓનું સંપાદન થવાનું હોય આખા ગામની જમીન સંપાદન કરી સ્થળાંતર કરવા કરવા માંગ કરી હતી. જોકે તંત્ર દ્વારા સંપાદન થતાં મકાન માલિકો તે ૧૦૦ × ૧૦૦ ચો. વારના પ્લોટ ફાળવવા બાંહેધરી આપી હતી પરંતુ તેમની સુરક્ષા અને પ્રાથમિક સુવિધા છિનવાતી હોય તેમને સાંભળવામાં આવે તેવી માંગ કરી રહ્યાં છે. આ માટે તેમણે જિલ્લા તંત્રને આવેદન પણ આપ્યું હતું.

કેશોદ એરપોર્ટ ઓથોરિટી અને જિલ્લા પ્રશાસન દ્વારા એરપોર્ટના વિકાસ માટે જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ માટે જિલ્લા પ્રશાસન દ્વારા સર્વેની કામગીરી પૂર્ણ કરી ગામના ખેડૂતો અને ગામમાં વસવાટ કરતા મિલકત ધારકોને તેમની જગ્યાં ખાલી કરવા નોટિસ આપવામાં આવી રહી છે. નોટિસ મળતાં જ ગ્રામજનો સફાળા જાગ્યાં છે. અને વિરોધ વ્યક્ત કરવા ગ્રામસભા યોજી હતી. જેમાં ગ્રામજનોએ યોગ્ય ન્યાય મળે તે માટે કર્યો સુત્રોચ્ચાર કરી સરકારની કાર્યવાહીનો વિરોધ વ્યક્ત કર્યો હતો. કેશોદનું ફાગડી એરપોર્ટ નજીકનું ગામ છે. આ ગામમાં ૧૮૦૦ ની વસ્તી સાથે ૫૦૦ પરિવારો વસવાટ કરી રહ્યાં છે. ગામ નજીક એરપોર્ટ વિકસીત થતું હોય ગામના મકાનો દૂર કરવા નોટિસ આપવામાં આવી છે. આથી ગ્રામજનોએ એરપોર્ટ માટે જમીન સંપાદન કરાતાં ગરીબ પરિસ્થિતી વચ્ચે જાત મહેનતે ઉભા કરેલાં મકાનોને રાતોરાત દુર કરવા નોટિસ આપી જિલ્લા પ્રશાસન બળજબરી કરતું હોવાના આક્ષેપ કર્યા હતાં. ગ્રામજનોની જમીન સંપાદન બાદ તેમની પ્રાથમિક સુવિધાઓ છિનવાઈ રહી છે. ગામલોકોએ એરપોર્ટ શરૂ થતાં કાર્ગો વિમાની સેવા શરૂ થતાં એરપોર્ટ નજીક રહેવું મુશ્કેલ હોય ગામના તમામ મકાનોની જમીન સંપાદન કરી ગામને અન્ય જગ્યાએ સ્થળાંતર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. આમ કેશોદ એરપોર્ટ વિકાસ જમીન સંપાદન મુદ્દે ખેડૂતો અને ગ્રામજનો પોતાને પુરતું વળતર અને ન્યાય મળે તે માટે જુદા જુદા બે વિભાગમાં સરકાર પાસે માંગ કરવામાં આવી રહી છે. જેમાં ખેડૂતો ઉંચા વળતર માંગ સાથે પુનઃવસનમાં પડતી મુશ્કેલીઓ અંગે માંગ તો ગ્રામજનો એરપોર્ટ તદન નજીક હોય રહી ન શકાય તમામ મકાનોને સંપાદન કરી અન્ય સ્થળાંતર કરવા કરવા માંગ કરી રહ્યાં છે. ત્યારે પ્રશાસન પણ ગ્રામજનો અને ખેડૂતોને ન્યાય મળે તેવા પ્રકારની કામગીરી કરતું હોય તેવો દાવો કરી રહ્યું છે.

# કેશોદ રઘુવંશી સમાજ દ્વારા સોનલબેન વસાણીને સંરક્ષણ આપવા ગૃહમંત્રીને રજુઆત કરી

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૯

સોશ્યલ મીડિયામાં દ્વારકાના જયેશભાઈ અને સોનલબેન વસાણી વચ્ચેની વાતચીતનો ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે જેમાં રઘુવંશી સમાજના મહિલા અગ્રણી સોનલબેન વસાણીના જસદણ ખાતે આવેલા નિવાસસ્થાને ધરણાં યોજવાનું જાહેર કરવામાં આવ્યું છે ત્યારે કેશોદ રઘુવંશી સમાજના આગેવાનો અને જ્ઞાતિજનોએ કેશોદ મામલતદાર મારફતે ગૃહમંત્રી ગુજરાત રાજ્ય સરકારને લેખિતમાં રજુઆત કરી માગ કરી છે કે રઘુવંશી સમાજના મહિલા અગ્રણી સોનલબેન વસાણીના ઘરે યોજાનાર વિરોધ પ્રદર્શન કાર્યક્રમને કારણે તેઓને જાનમાલની નુકશાની કે અન્ય અનિચ્છનીય બનાવ ન બને તે બાબતે કાયદો અને વ્યવસ્થાની કડક બનાવવા માંગણી કરવામાં આવી છે. કેશોદ રઘુવંશી સમાજના આગેવાનો દ્વારા એક જ સુરે જણાવ્યું હતું કે કોડીનારના રઘુવંશી સમાજના વેપારી દ્વારા દ્વારકા ખાતે કેન્ડી આઈસ્ક્રીમ મોકલવામાં આવેલ જેમાં એક શખ્સ દ્વારા માખી નીકળી હોવાના આક્ષેપ સાથે વહીવટી તંત્ર સમક્ષ પુરાવાઓ સાથે રજુઆત કરવાને બદલે વેપારીના વેપાર ધંધાને પ્રતિષ્ઠા ને નુકસાન કરવાના મલિન ઈરાદાથી ધમકી આપતાં રઘુવંશી સમાજના સન્માનનીય મહિલા અગ્રણી સોનલબેન વસાણી દ્વારા વાત કરવામાં આવતાં સામાપક્ષે વાતનું વતેસર કરી ઉગ્રતાથી સામાન્ય વિવાદ ને મોટું સ્વરૂપ આપી બે જ્ઞાતિ સમાજ વચ્ચે વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતાં જાહેરનામા ની ચુસ્તપણે અમલવારી કરવા કરાવવા અને રઘુવંશી સમાજના સન્માનનીય મહિલા અગ્રણી સોનલબેન વસાણી ના પરિવારજનો ને કે તેઓની સ્થાવર મિલકત ને કોઈ પ્રકારની ક્ષતિ ન પહોંચે એ માટે કાયદો અને વ્યવસ્થા કરવામાં આવે એવી કેશોદ રઘુવંશી સમાજના આગેવાનો એ માંગણી કરી છે. કેશોદ રઘુવંશી



સમાજના ડૉ સ્નેહલ તન્ના. એડવોકેટ હિન્ડોચા. રમેશભાઈ રતનધાયરા. દિનેશભાઈ કાનાબાર. શાંતિલાલ પોપટ. ભરતભાઈ ધનેશા ડો. દિપેન અટાળા સમાજના આગેવાનો જ્ઞાતિજનો મામલતદાર સંદીપ મહેતાને રૂબરૂમાં આવેદનપત્ર આપી કેશોદ રઘુવંશી સમાજ ની લાગણી અને માંગણી રાજ્ય સરકાર સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

# લોઢવા : આહીર સમાજનું ગૌરવ




## ખેડુત પુત્રએ રસાયણશાસ્ત્રમાં Phdની ડિગ્રી મેળવી

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૨૯

ડો. કાનજી દેવાયતભાઈ કછોટ કે જેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ડૉ. હિતેન્દ્ર જોશી કે જેઓ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ રસાયણવિજ્ઞાન ભવનમાં કાર્યરત છે તેમનાં માર્ગદર્શન હેઠળ કેમેસ્ટ્રી વિષયમાં PhD પૂર્ણ કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડો. કાનજી કછોટએ પોતાનાં PhD નાં કાર્યકાળ દરમ્યાન ૦૬ રિસર્ચ પેપર વિવિધ ઈન્ટરનેશનલ જર્નલ્સમાં પ્રકાશિત કર્યા, અને ૦૩ ગ્રંથ ઈન્ટરનેશનલ પબ્લીકેશનમાં માં પ્રકાશિત કરેલ છે, તદુપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલીસી હેઠળ ડો. કાનજી કછોટ એ PhD નાં રીસર્ચ ઉપરાંત ત્રણ પેટન્ટ પોતાનાં નામે કરાવી છે. આમ લોઢવા ગામનાં ખેડુતપુત્રએ ડોકટરેટની પદવી મેળવી લોઢવા ગામ તેમજ આહીર સમાજનું ગૌરવ વધાર્યુ છે.


પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

સપ્લાય, ઈન્સ્ટોલેશન, કમિશનિંગ કામ

W.118/NIT/E-Tender/2023-24/32/WA

તારીખ 23.02.2024. ઈ-ટેન્ડર આમંત્રિત કરતી નોટીસ ... ટેન્ડર નં.: 35-2023R2: ... (અંદાજીત ખર્ચ ₹ 8,07,924.70/-) ... www.ireps.gov.in ... www.ireps.gov.in ... તારીખ 26.03.2024ના 15.00 કલાક સુધીની છે. 182

facebook.com/WesternRly


# કેશોદમાં મહિયા ક્ષત્રિય સમાજના યોજાયેલા ૨૩ માં સમુહ લગ્નોત્સવમાં ૬૦ વરવધુએ પ્રભુતામાં પગલાં માંડ્યાં



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૯

કેશોદના અજાબ - શેરગઢ નાગલધામ ખાતે આઈ શ્રી નાગબાઈ માતાજીના સાનિધ્યમાં મહિયા ક્ષત્રિય સમાજના ૨૩માં સમુહ લગ્નોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મહિયા ક્ષત્રિય સમાજ અને સમુહ લગ્ન સમિતિ આયોજિત સમુહ લગ્નોત્સવમાં સવારે નાગબાઈ માતાજીના મંદિરે ધ્વજારોહણ કરી કાર્યક્રમ પ્રારંભ કરવામાં આવ્યો હતો. મહિયા ક્ષત્રિય સમાજના આગેવાનો અને આમંત્રિત મહેમાનોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. કેશોદ મહિયા ક્ષત્રિય સમાજના યોજાયેલા ૨૩ માં સમુહ લગ્નોત્સવ માં ૬૦ વરવધુ જોડાયા હતાં અને દાતાઓના સહયોગથી દરેક દિકરીઓને જીવનજરૂરી ચીજવસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવી હતી તમામ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય વકતાઓએ પ્રસંગોચિત પ્રવચનમાં મહિયા ક્ષત્રિય સમાજ અને સમુહ લગ્ન સમિતિનાં જહેમત ઉઠાવનાર તમામ કાર્યકરોને અભિનંદન આપી બિરદાવ્યા હતાં. સમૂહ લગ્ન એટલે એક જ સમયે અને એક જ સ્થળે એક કરતાં વધુ યુગલનાં લગ્નનું સામુહિક આયોજન કરવું. આજના યુગમાં લગ્ન પ્રસંગ ઘણો ખર્ચાળ બને છે અને ખોટી દેખાદેખી પાછળ આર્થિક ભીંસ વધતી જાય છે. દિવસે ને દિવસે મોંઘવારી પણ વધતી જાય છે, તેથી આ સમયમાં સમૂહ લગ્ન એ આશિર્વાદ સમાન હોય છે.

સમુહ લગ્ન કરવાથી ખુબજ પ્રમાણમાં ફાયદો જોવા મળે છે જેમાં પ્રથમ તો જે લોકો લગ્ન કરે છે તેઓને કોઈ પણ ઝંઝટ વગર લગ્ન થાય અને દુર રહેતા આપણા સમાજના હજારો મહેમાનો એક દિવસનો સમય મેળવીને લગ્ન કરનાર દંપતીઓને આશીર્વાદ આપી શકે લગ્ન કરનારાઓને વ્યકતિગત થતા ખર્ચ માં પણ ઘટાડો થાય આમ જે ખર્ચ માં ઘટાડો થાય તો તે રકમ તેઓ તેઓના બાળકો ને સારૂ શિક્ષણ આપી શકસે. જો તો પણ રકમ વધશે તો તેઓ અન્ય સમાજના જરૂરીયાતમંદ લોકોને મદદરૂપ થશે, સમુહ લગ્ન સમયે દાન ભેટ હુંડી સ્વરૂપે એકત્રીત થયેલ રકમ પણ સમાજના હિતાર્થે કામ આવી શકે છે.આજે વધતી જતી જન સંખ્યા તેમજ વધતી મોંઘવારી માં સમાજના વિવિધ પ્રકાર ના રિવાજો માં પરીવર્તન થઈ રહયુ છે. ઘણા સમાજો જુના રીવાજો બંધ કરીને નવા રીવાજો શરૂ કરી રહયા છે. કેશોદના અજાબ શેરગઢ રોડ પર આવેલા નાગબાઈ માતાજીના મંદિર નાગલધામ ખાતે યોજાયેલા સમુહ લગ્નોત્સવ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં લોકસાહિત્ય ના નામી અનામી કલાકારો એ પોતાની કલા રજૂ કરી હતી મહેમાનો જ્ઞાતિજનોએ ઉદારતાથી ઘોર કરી રૂપિયા નો વરસાદ વરસાવ્યો હતો. કેશોદ નાગબાઈ માતાજીના મંદિરે યોજાયેલા સમુહ લગ્નોત્સવ કાર્યક્રમમાં મહિયા ક્ષત્રિય સમાજનાપ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરતાં જ્ઞાતિજનો, આગેવાનો અને સામાજિક રાજકીય પદાધિકારીઓ ઉપસ્થિત રહીને નવદંપતિઓ ને આશીર્વાદ આપી વિદાય આપવામાં આવી હતી. મહિયા ક્ષત્રિય સમાજ અને સમુહ લગ્ન સમિતિ નાં હોદેદારો તેમજ કાર્યકરોએ કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.


CHANGE OF NAME

I UNDERSIGNED HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM SORATHIYA PARTHKUMAR ARVINDBHAI TO MY NEW NAME SORATHIYA PARTH ARVINDBHAI. NOW I WILLBE KNOW AS MY NEW NAME.

34, NILMADHAV TENAMENT, JIVRAJ PARK, JOSHIPARA, JUNAGADH - 362001

# તોડકાંડના સહ આરોપી દીપ શાહની ધરપકડ : જેલ હવાલે

## દુબઈ ભાગી જવાની ફીરાકમાં હોય ત્યાં જ ગુજરાત એટીએસએ મુંબઈ એરપોર્ટથી ઝડપી લીધો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

ગુજરાતભરમાં ભારે ચકચારી બનેલા જૂનાગઢ એસઓજી પોલીસના તોડકાંડ મામલે તરલ ભટ્ટના સાગરીત અને બેંક એકાઉન્ટની માહિતી પુરી પાડનારા અને દુબઈ જવાની ફીરાકમાં રહેલા અમદાવાદના દીપ રાજેન્દ્ર શાહની ગુજરાત એટીએસએ ગઈકાલે મુંબઈ એરપોર્ટ ખાતેથી ઝડપી લેવામાં આવેલ અને ગઈકાલે ૧૦ દિવસની રિમાન્ડની માંગણી સાથે તેને જૂનાગઢ કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે તેના રિમાન્ડ ના મંજુર કરતા દિપ શાહને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. આમ રિમાન્ડ ના મંજુર થતા જેલ હવાલે કરવામાં આવેલ છે.

જૂનાગઢ બી-ડીવીઝન પો.સ્ટે. ખાતે આઈ.પી.સી. કલમ ૧૬૭, ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૩૮૫, ૩૮૯, ૧૧૪, ૧૨૦(બી) તેમજ ભ્રષ્ટાચાર અટકાવવાના અધિનિયમની કલમ ૭ & ૨ હેઠળ નોંધાયેલ એફ.આઈ.આર. નંબર: ૧૧૨૦૩૦૨૪૨૪૦૫૩ની તપાસ હાલ ગુજરાત એ.ટી.એસ. ચલાવી રહેલ છે. આ તપાસમાં ઉંડાણપૂર્વક અને તલસ્પર્શી તપાસ કરતા જણાઈ આવેલ કે આ ગુનામાં પકડાયેલ મુખ્ય આરોપી સસ્પેન્ડેડ પોલીસ ઈન્સ્પેકટર તરલ ભટ્ટને શરૂઆતથી જ મદદ કરનાર તેમજ ગેરકાયદેસર નાણાંકીય લાભ લેવા માટે બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરાવવા માટે ૬૦૦થી વધારે બેન્ક એકાઉન્ટની માહિતી આપનાર સહઆરોપી દીપ રાજેન્દ્ર શાહની સઘન પુછપરછ તેમજ તેઓની વિરૂધ્ધ સંકલીત કરેલ પુરાવાઓના આધારે ધરપકડ કરેલ છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, જૂનાગઢ તોડકાંડના ગુનાની તપાસ ગુજરાત એ.ટી.એસ.ને સોંપાતા આ કામના મુખ્ય આરોપી એવા સસ્પેન્ડેડ પોલીસ ઈન્સ્પેકટર તરલ ભટ્ટ નાસતા-ફરતા રહેલ જેને ગત તા.૨-૨-૨૦૨૪ના રોજ પકડી પાડી પોલીસ રીમાન્ડ મેળવવામાં આવેલ. જે દરમ્યાન તેઓની પુછપરછમાં તેઓને ભગાડવામાં મદદ કરનાર તરીકે દીપ રાજેન્દ્ર શાહનું નામ ખૂલવા પામેલ તેમજ આ દીપ શાહ ધરપકડથી બચવા માટે દુબઈ ભાગી જવાની ફિરાક હોવાનું જાણવા મળેલ. જે અનુસંધાને દીપ શાહ વિરૂધ્ધ લુક-આઉટ-સર્ક્યુલર(LOC) કઢાવવામાં આવેલ. જેના આધારે તેને મુંબઈ એરપોર્ટ ખાતેથી ઝડપી પાડી એ.ટી.એસ. કચેરી, અમદાવાદ ખાતે લાવવામાં આવેલ. ત્યારબાદ તેની સઘન પુછપરછ દરમ્યાન જાણવા મળેલ કે, દીપ શાહ ડી.સી.બી. અમદાવાદ શહેર ખાતે અગાઉ નોંધાયેલ ફ્રેન્ડશીપ કલબ સંબંધેના ગુનામાં પકડાયેલ હતો કે જેના તપાસનીશ અધિકારી જે તે સમયના ડી.સી.બી. અમદાવાદ શહેર ખાતે ફરજ બજાવતા તત્કાલીન પો.સ.ઈ. તરલ ભટ્ટ હતા. ત્યારથી તેઓ બંને એકબીજાના પરિચય અને સંપર્કમાં આવેલ હતા. તેમજ ત્યારબાદ માધુપુરા ક્રિકેટ સટ્ટા-બેટીંગના ગુનાની રેઈડ દરમ્યાન પણ તત્કાલીન પી.સી.બી. પો.ઈન્સ. તરલ ભટ્ટ દ્વારા આ દીપ શાહને બેન્ક એકાઉન્ટ ક્રિકેટ સટ્ટા-બેટીંગમાં ઉપયોગ થાય છે કે કેમ? તેના વેરીફીકેશન માટે બોલાવેલ હતા. તેમજ હાલના જૂનાગઢ તોડકાંડના ગુનામાં ફ્રીઝ કરવામાં આવેલ બેન્ક એકાઉન્ટની માહિતી દીપ શાહ દ્વારા માણાવદર સર્કલ પો.ઈન્સ. તરલ ભટ્ટને આપવામાં આવેલ તેમજ આ અંગે તેમને રૂબરૂ મળવા જૂનાગઢ ખાતે પણ ગયેલ જે અંગે ગુનો નોંધાતા ફરાર થયેલ પો.ઈન્સ. તરલ ભટ્ટને રાજસ્થાન તેમજ મધ્યપ્રદેશના ઉજજૈન-ઈન્દોર ભાગી જવામાં મદદ કરેલ અને આ જગ્યાએ હોટલોમાં રોકાણ વખતે દીપ શાહ દ્વારા તરલ ભટ્ટ માટે તેના અન્ય પરિચિતનું ઓળખપત્ર આપવામાં આવેલ હતું. બાદમાં તરલ ભટ્ટ પકડાઈ જતા દીપ શાહએ પોતાના તમામ મોબાઈલ ફોન તોડી નાખેલ અને દુબઈ ભાગી જવાની તૈયારીમાં હતા જે દરમ્યાન ગુજરાત એ.ટી.એસ. દ્વારા કરવામાં આવેલ લુક-આઉટ-

(અનુ. પાના ૨ ઉપર)

## જૂનાગઢના પ્રાંત અધિકારી કુ. ભૂમિ કેશવાલાની સાબરકાંઠા બદલી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

રાજયના ડેપ્યુટી કલેકટર ગ્રેડ(જુનિયર સ્કેલ)ના ૨૫ જેટલા અધિકારીઓની બદલીના ઓર્ડર ગઈકાલે થયા છે જેમાં જૂનાગઢના પ્રાંત અધિકારી કુ. ભૂમિ કેશવાલાની સાંબરકાંઠા બદલી કરવામાં આવી છે. જયારે બોટાદના પ્રાંત અધિકારી ચરણસિંહની જૂનાગઢ ખાતે બદલી થઈ છે. આ ઉપરાંત રાજકોટના પ્રાંત અધિકારી જયસુખ લીખીયાની ધોરાજી બદલી થઈ છે.

## જૂનાગઢ : ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢના દોલતપરા જીઆઈડીસી-૨ નજીક નજીક રહેતા ચનાભાઈ ચકુભાઈ ગુજરાતીએ કોઈપણ કારણસર પોતાના ઘરે રૂમમાં પંખામાં દોરી વડે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**કેશોદ પંથકમાં ગળાફાંસો ખાવાના બે બનાવ**

કેશોદ તાલુકાના અજાબ ગામે રહેતા ચેતનાબેન અનિલભાઈ બાબરીયા (ઉ.વ.૨૩)એ પોતાની મેળે કોઈપણ કારણસર ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. આ બનાવનો પગલે તેમના પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. કેશોદ પોલીસે તપાસ હાથ ધરી છે. આ ઉપરાતં કેશોદ તાલુકાના સોંદરડા ગામે રહેતા ભાવિનભાઈ ગીરીશભાઈ ચાવડા (ઉ.વ.૨૨)એ પોતાની મેળે પોતાના ઘરે છતના આડસર સાથે કાપડનું દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ થયું છે. કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


**બેંકની અગત્યની બુક ગુમ થયેલ છે**

આઈડી એફસી ફર્સ્ટ બેંકની(એમ.સી.આર) બુક નં.૪૬૩૮૩ ગુમ થયેલ છે. તેની અંદર કુલ ૫૦ રીસીપ્ટ હતી. જેમાં બુક નં.૪૬૩૮૩, રીસીપ્ટ સીરીયલ નં.૨૩૧૯૧૦૧ - ૨૩૧૯૧૫૦ કુલ ૫૦ છે. આ બુક શોધ કરવા છતાં મળેલ નથી અને શોધ ચાલું છે. કોઈને પણ આ બુકની જાણ થાય અથવા મળે તો આઈ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંક દોલતપરા શાખાને જાણ કરવા વિનંતી.

લી. મેનેજર

આઈ.ડી.એફ.સી. બેંક, દોલતપરા શાખા, મો. ૯૨૭૫૭૫૦૩૧૬

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

MI-GL

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૭ થી શરૂ

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪